આજનો સુવિચાર

જે વ્યક્તિ બધું જ જાણે છે પણ બોલતી નથી તેને સમજવી બહુ મુશ્કેલ છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૦ જૂનાગઢ તા.૦૩-૦૧-૨૦૨૫ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 20, Junagadh : Date : 03 January, 2025, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay








# ચીનમાં કોરોના જેવો HMPV વાયરસ ફેલાયો : ૧૭૦ના મોત

**HMPV વાયરસના ૧૮ દેશોમાં ૭૮૩૪ કેસ નોંધાયા : ડ્રેગન વિગતો છુપાવી રહ્યું છે : કોવિડવાળી થવાની શકયતાથી સમગ્ર વિશ્વમાં ગભરાટનું વાતાવરણ : ચીનમાં હોસ્પિટલો, કબ્રસ્તાનો ઉભરાય રહ્યા છે : નવો વાયરસ બાળકો, વૃધ્ધો, બિમાર લોકોને વધુ નિશાન બનાવે છે : ભેદી વાયરસની કોઈ ચોક્કસ સારવાર નથી**



બૈજિંગ તા. ૩ : કોરોનાની લહેરને કારણે થયેલી ચીનમાંથી ઉદભવેલી તબાહી દુનિયાએ જોઈ છે. કોરોનાએ માત્ર ચીનમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સંહાર સર્જ્યો હતો. ચીનના વુહાન શહેરમાં કોરોનાનું રહસ્ય આજ સુધી એક રહસ્ય જ છે. કોરોના રોગચાળાને પાંચ વર્ષ થઈ ગયા છે. પરંતુ તે દરમિયાન, ચીનમાં તબાહીનું વધુ એક મોજું ઉછળતું જણાય છે. કોરોના બાદ ચીનમાં વધુ એક રહસ્યમય વાયરસ આવ્યો છે. હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV) નો પ્રકોપ ચીનમાં ફેલાઈ રહ્યો છે. જેના કારણે ચીનમાં ફરીવાર કોરોના જેવું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. સ્મશાનભૂમિ પણ ભરાઈ ગઈ છે.સરકારી અને વૈજ્ઞાનિક એજન્સીઓના અહેવાલો અનુસાર, વાયરસથી ચીનમાં અત્યાર સુધીમાં ૧૭૦ લોકોના મોત થયા છે, જ્યારે ૧૮ દેશોમાં ૭,૮૩૪ કેસ નોંધાયા છે.

હ્યુમન મેટાપ્યુમોવાયરસ (એચએમપીવી) એ આરએનએ વાયરસ છે, જે સૌપ્રથમ ૨૦૦૧માં ડચ સંશોધકો દ્વારા શોધાયો હતો. આ વાયરસ શ્વસનતંત્રને અસર કરે છે અને મુખ્યત્વે ઉધરસ, છીંક અને ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્ક દ્વારા ફેલાય છે. તે શિયાળા અને વસંતમાં વધુ સક્રિય હોય છે. તેના સામાન્ય લક્ષણોમાં શરદી, તાવ, ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફનો સમાવેશ થાય છે. આ વાયરસના સોફ્ટ ટાર્ગેટ બાળકો અને વૃદ્ધો છે.

અહેવાલો અનુસાર, HMPV સાથે, ઈન્ફલ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યુમોનિયા અને કોવિડ-૧૯ પણ ચીનમાં ઝડપથી ફેલાઈ રહ્યા છે. હોસ્પિટલો દર્દીઓથી ખીચોખીચ ભરેલી છે, અને સ્મશાનગૃહ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. બાળકોની હોસ્પિટલો, ખાસ કરીને, ન્યુમોનિયા અને 'વ્હાઈટ લંગ' જેવા રોગોના કેસ સાથે સંઘર્ષ કરી રહી છે.

## અમેરીકાની અદાલતમાં ગૌતમ અદાણી સામે ક્રિમિનલ અને સિવિલ કેસ એક સાથે ચાલશે



ન્યુયોર્ક તા.૩ ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી ગ્રુપ સામે અમેરિકામાં દાખલ થયેલા લાંચ કેસમાં હવે ફોજદારી તથા સિવિલ કેસો એકસાથે ચલાવવાનો આદેશ અમેરિકાની કોર્ટે કર્યો છે.

ગૌતમ અદાણી તથા અન્યો સામે ૨૬૫ મીલીયન ડોલરની લાંચ મામલે કુલ ત્રણ કેસો નોંધાયા છે. આ ત્રણેય કેસ એક સાથે ચલાવવા ન્યુયોર્ક કોર્ટે આદેશ કર્યો છે. ક્રિમીનલ અને સિવિલ એમ બન્ને પ્રકારના ત્રણેય કેસની સંયુક્ત ટ્રાયલ ચાલશે. ત્રણેય કેસમાં એક જ વ્યવહાર તથા સમાન આરોપો હોવાથી સંયુક્ત ટ્રાયલ ચલાવવાનો નિર્ણય કરાયો છે.

ન્યુયોર્ક કોર્ટમાં થયેલા ત્રણ કેસો પૈકી એક ક્રિમીનલ કેસ અદાણી તથા અન્યો અને અમેરિકા વચ્ચે છે. એક સીવીલ કેસ સિકયુરીટી એન્ડ એકસચેંજ કમીશન વિરુદ્ધ અદાણી તથા અન્યો છે. ત્રીજો કેસ સિકયુરીટી કમીશન વિરુદ્ધ કેબેન્સનો છે પણ સિવિલ છે.

અદાલતે કહ્યું કે કાનૂની કાર્યદક્ષતા વધારવા તથા ટ્રાયલના શિડયુલમાં સંભવિત ટકરાવને રોકવા આ નિર્ણય લેવાયો છે. અદાણી સામેના ક્રિમીનલ કેસની ટ્રાયલ ચલાવી રહેલા ડીસ્ટ્રીકટ જજ નિકોલસ ગરૌફને બાકીના બન્ને કેસ સોંપી દેવામાં આવ્યા છે. કોર્ટ સ્ટાફને આ કેસના સાહિત્ય ડીસ્ટ્રીકટ જજને સોંપી દેવા કહી દેવામાં આવ્યુ છે.

## ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચેની અંતિમ ટેસ્ટમાં પણ ટીમ ઈન્ડિયાનો ધબડકો : ૧૮૫ રનમાં ઓલઆઉટ

સીડની તા.૩ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની અંતિમ ટેસ્ટ મેચમાં પણ ટીમ ઈન્ડિયાનો ધબડકો થયો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ સીડની ટેસ્ટમાં ભારતની પુરી ટીમ ૧૮૫ રનમાં ઓલઆઉટ થઈને તંબુ ભેગી થઈ ગઈ છે. કાંગારૂઓની ધારદાર બોલિંગ સામે ટીમ ઈન્ડિયાની બેટીંગ લાઈન ધરાશાઈ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયા તરફથી રીસભ પંતે સૌથી વધુ ૪૦ રન, રવિન્દ્ર જાડેજાએ ૨૬ રન, જસપ્રીત બુમરાહે ૨૨ રન, શુભમન ગીલે ૨૦ અને વિરાટ કોહલીએ ૧૭ રન બનાવ્યા હતા. અને ઓસ્ટ્રેલિયા તરફથી બોલર્સ સ્કોન્ડ બોલેન્ડે ૪ વિકેટ, મિચેલ સ્ટાર્કે ૩ અને પેટ કમિન્સે બે વિકેટ ઝડપી હતી. આજે મેચનો પ્રથમ દિવસ જ હતો.

## સંભલની શાહી જામા મસ્જિદમાં મંદિર હોવાનું પ્રમાણ : સર્વે રિપોર્ટમાં ઘટસ્ફોટ

સંભલ, તા.૨ સંભલની શાહી જામા મસ્જિદની અંદર એડવોકેટ કમિશનનો રિપોર્ટ બંધ કવરમાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. આ સર્વે રિપોર્ટમાં અંદરની વિગતો સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે જામા મસ્જિદમાં મંદિર હોવાના પુરાવા મળ્યા છે. મસ્જિદની અંદર બે વડના ઝાડ છે. સામાન્ય રીતે વટવૃક્ષની પૂજા હિન્દુ ધર્મના મંદિરોમાં જ કરવામાં આવે છે. એટલું જ નહીં, મસ્જિદમાં એક કૂવો પણ છે, જે અડધો અંદર અને અડધો બહાર છે. બહારનો ભાગ ઢાંકી દેવામાં આવ્યો છે.

## પત્ની એ પતિની સંપતિ નથી : તેના પર પતિનું નિયંત્રણ કે અધિકાર હોઈ શકે નહીં : અલ્હાબાદ હાઈકોર્ટનો સીમાવર્તી ચુકાદો

નવી દિલ્હી, તા.૩: પતિ-પત્નિના કિસ્સામાં તાજેતરમાં અલાહાબાદ હાઈ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે કહયું હતું કે પતિએ વિકટોરિયા યુગની માનસિકતા ત્યાગવાની જરૂર છે. પત્નીનું શરીર તેની પ્રાઈવેસી તેના અધિકારની પોતાની સંપત્તિ છે. પત્ની પર પતિનુ નિયંત્રણ કે અધિકાર ન હોઈ શકે. કોર્ટે કહયુ કે, પત્ની દ્વારા કરવામાં આવેલા ભરોસા અને વિશ્વાસનું સન્માન કરે તેવી એક પતિથી અપેક્ષા હોય છે. કોર્ટે આ ટિપ્પણી એક મામલાની સુનાવણી દરમિયાન કરી હતી.

પતિએ તેની પત્નિ સાથે માણેલી અંગત પળોનો વીડિયો તેની સહમતિ વગર રેકોર્ડ કર્યો હતો. તેમજ સોશિયલ મીડિયા પર શેર કર્યો હોવાનો આરોપ લાગ્યો હતો. આ વીડિયો પતિએ તેની પત્નિના પિતરાઈ ભાઈ સાથે પણ શેર કર્યો હોવાનો આરોપ હતો. જસ્ટિસ વિનોદ દિવાકરની બેન્ચે પોતાના નિર્ણયમાં કહયું કે પત્ની એ પતિની સંપત્તિ નથી, પરંતુ તે પોતાની સ્વતંત્ર ઓળખ, અધિકારો અને ઈચ્છાઓ સાથે સંપૂર્ણ વ્યક્તિ છે. કોર્ટે સ્પષ્ટ કર્યુ કે પતિની પત્નિ સાથેની ખાનગી વાતચીત અથવા પળોને રેકોર્ડ કરવી અને શેર કરવી એ પતિ-પત્નિના સંબંધોની ગોપનીયતા અને વિશ્વાસનું ઉલ્લંઘન છે.


ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

WELCOME - 2025
પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિત્સા
ડો. વિપુલ મહેતા
એમ.ડી.(આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત
શ્રેયસ આયુર્વેદ કલીનીક
૧૨૩ /૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧ સાંજે ૫ થી ૮

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશયમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

WELCOME - 2025
દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો...
દારૂ છોડાવવો એ સાવ સહેલું અને સસ્તુ છે.
૩૪% આત્મહત્યા, ૫૦% અકસ્માતો, ૭૦% ખુન, ૪૧% મારામારી, ૫૦% બળાત્કાર અને ૪૫૫% ડુબવાના કિસ્સામાં દારૂ જવાબદાર હોય છે.
વિશ્વ આરોગ્ય સંસ્થા ના પ્રમાણે દારૂથી કેન્સર, લીવર સીરોસીસ, માનસિક બિમારીઓ જેવા ૨૦૦ થી પણ વધારે રોગો થાય છે.
હવે દારૂ, તેના વ્યસનીને ખબર વગર સાવ સહેલાઈથી છોડાવી શકાય છે.
ત્યારે કોઈને આ નર્કમાંથી બહાર કાઢવા આંગળી ચીંધવી એ પણ મોટું પુણ્યનું કામ છે.
વિશેષ માહિતી માટે મળો
આદિત્ય નિદાન કેન્દ્ર
ડૉ. દીપક પી. ભલાણી
M.B.B.S., FCGP
Advance Course in Diabetes & BP From AKN Sinha Institute of IMA
ઈમ્પિરિયલ પ્લસ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, ગાયત્રી સ્કુલ સામે કોસમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ફોન : ૦૨૮૫-૨૬૩૬૯૯૯/મો. ૯૪૦૮૦ ૫૩૯૯૯
દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો... દારૂ છોડાવો...


## :: શ્રધ્ધાંજલિ ::



**સ્વ. સમિરભાઈ જોષી**

સ્વ.તા.૦૧/૦૧/૨૦૨૫, બુધવાર

જીવન નશ્વર છે, આત્મા અમર છે, કોણ ક્યારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, જીવન અને મૃત્યુ એ કુદરતનો ક્રમ છે, છતાંય તમારી વિદાય ગમગીન છે. પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

વિનોદભાઈ બરોચીયા (માર્ગદર્શક) | રમેશભાઈ સાવલીયા (ચેરમેનશ્રી)

નંદકિશોરભાઈ ગરાચ (વા.ચેરમેનશ્રી) | નરેન્દ્રભાઈ ભૂત (વા.ચેરમેનશ્રી) | ચીમનભાઈ ડોબરીયા (મેનેજીંગ ડિરેકટરશ્રી) | પી.એસ. ગજેરા (સી.ઈ.ઓ.)

તથા બોર્ડ ઓફ ડિરેકટર્સ અને કર્મચારી ગણ
શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ

# વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામની અનુસુચિત જાતિની સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના કેસમાં ત્રણેય આરોપીઓને ૨૦-૨૦ વર્ષની સજા ફટકારાઈ






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

તાજેતરમાં વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામની એક અનુસૂચિત જાતિની સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના એટ્રોસીટી તથા પોક્સોના કાયદા મુજબના વિસાવદર પોલીસ સ્ટેશનના ગુન્હામાં વિસાવદર એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આ ગુન્હાના આરોપીઓ રાકેશ ઉર્ફે રાકો, અકીલ ઉર્ફે સાબરી તથા અનિલ ઉર્ફે અનો ત્રણેય આરોપીઓને ૨૦/૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવેલ છે. આ પહેલા અન્ય બીજા એક કેસમાં ફરિયાદીની ધોરણ ૦૯માં અભ્યાસ કરતી સગીર વયની દીકરીને શાળામાં લઈ જવાના બહાને આરોપીએ પોતાના મોટર સાયકલ ઉપર બેસાડી, બીભત્સ ચેનચાળા કરી, ભોગ બનનાર દિકરી શિડ્યુલ કાસ્ટની હોવાનું જાણવા છતાં, બીભત્સ માંગણી કરી, ગુન્હો આચર્યા બાબતની પોકસો એક્ટ અને એટ્રોસિટી એક્ટ મુજબના ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરવામાં આવેલ ગુન્હામાં પણ આરોપી ભુપતભાઈ પરસોત્તમભાઈ પડશાળા પટેલ રહે. પિરવડ તા. વિસાવદર જી.જૂનાગઢને ત્રણ વર્ષની સખત સજા કરવામાં આવેલ હતી. ઉપરાંત, ત્રીજા એક કેસમાં વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામના ફરિયાદી દિલીપભાઈ જીણાભાઈ સોલંકીએ પોતાના કુટુંબના લગ્ન પ્રસંગે આરોપી હરેશભાઈ મનસુખભાઈ કિકાણીનું ડીજે મંગાવેલ, જે ડીજે ખરાબ થઈ જવા છતાં, લગ્ન પત્યા બાદ આરોપીએ ડીજે વગાડ્યું નહી હોવા છતાં, ભાડું માંગી, મારામારી કરી, જાતિ પ્રત્યે હડધૂત કરવા બાબત વિસાવદર પોલીસ સ્ટેશન ખાતેના ગુન્હામાં પણ આરોપી હરેશભાઈ મનસુખભાઈ કિકાણીને પણ એક વર્ષની કેદની સજા ફટકારવામાં આવેલ હતી. આમ, વિસાવદર કોર્ટ દ્વારા ઉપરોક્ત ત્રણેય એટ્રોસિટી અને પોક્સો એક્ટ મુજબના કેસમાં સજા ફટકારવામાં આવેલ હતી. આ ત્રણેય ગુન્હાઓની તપાસ તત્કાલીન જૂનાગઢ ડીવાયએસપી અને હાલના અમદાવાદ શહેર એસીપી, જે ડિવિઝન, પ્રદીપસિંહ જાડેજા દ્વારા હાથ ધરી, તાત્કાલિક તમામ ગુન્હાઓના આરોપીઓની ધરપકડ કરી, કાર્યવાહી હાથ ધરી, પુરાવાઓ એકત્રિત કરી, દુષ્કર્મ, છેડતી, પોક્સો એક્ટ તથા એટ્રો. એક્ટની કલમ મુજબ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતા. ઉપરોક્ત ત્રણેય ગુન્હાની તપાસમાં જૂનાગઢ ડિવિઝનના તત્કાલીન ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ઝીણવટભરી તપાસના અંતે કરવામાં આવેલ ચાર્જશીટ આધારે વિસાવદર સેશન્સ કોર્ટમાં નામદાર એડિશનલ સેશન્સ જજ શ્રી જે.એલ.શ્રીમાળીની કોર્ટમાં કેસ ચાલી જતા, સરકારી વકીલ શ્રી એસ. ડી. જોટાણીયા તથા શ્રી વી.એન.માઢક ની ધારદાર દલીલો અને પુરાવાઓ આધારે ત્રણેય ગુન્હાઓના આરોપીઓને એડિશનલ સેશન્સ જજ જે.એલ.શ્રીમાળી દ્વારા ભારતીય દંડ સહિતાની કલમો, જાતીય ગુનાઓ સામે બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ (પોક્સો એક્ટ)ની જુદી જુદી કલમો તથા એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ સખત કેદની સજા ફટકારવામાં આવેલ. સામાન્ય રીતે આ પ્રકારના ગુન્હાઓના ફરિયાદી અને આરોપીઓ વચ્ચે સમાધાન થઈ જતા હોય છે અને ઘણીવાર ફરિયાદ પક્ષ ગુન્હો સાબિત કરવામાં સફળ થતાં નથી, તેવા સમયે આ પ્રકારના જૂજ કેસોમાં સજા થતી હોય, તેવા સમયે તત્કાલીન જૂનાગઢ ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા તથા વિસાવદર સેશન્સ કોર્ટના સરકારી વકીલ એસ.ડી. જોટાણીયા તથા વી.એન માઢકની ત્રિપુટી દ્વારા અતિ સંવેદનશીલતા દાખવી, સચોટ અને નિષ્પક્ષ તપાસ કરી, નામદાર કોર્ટમાં પુરાવાઓ રજૂ કરતાં, નામદાર કોર્ટ તરફથી એટ્રોસિટી, એટ્રોસિટી વિથ પોકસો એક્ટના ત્રણ ત્રણ કેસમાં સજા કરવામાં સફળતા મેળવેલ હોઈ, જૂનાગઢ પોલીસ દ્વારા કરવામાં આવેલ તપાસની જિલ્લાના કાનૂની બેડામાં સરાહના થઈ રહી છે.

# ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડાની ઉપસ્થિતિમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

**વાહનોમાં સ્વહસ્તે રેડિયમ સ્ટ્રીપ લગાડી કલેક્ટરએ માર્ગ સલામતિ અંગે જાગૃતિ સંદેશ આપ્યો : નાગરિકોમાં જાગૃતિ આવશે તો અકસ્માતોનું પ્રમાણ આપોઆપ ઘટી જશે : કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા**






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૩

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજયભરમાં પ્રતિવર્ષ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા.૧-૧-૨૦૨૫થી તા.૩૧-૧-૨૦૨૫ સુધી ગીર સોમનાથ જિલ્લા ટ્રાફિક પોલીસ તેમજ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અને જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ટાવર પોલીસ ચોકી ખાતેથી માર્ગ સલામતી માસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે નાગરિકોમાં ટ્રાફિક અને વાહન ચલાવવા સમય દરમ્યાન નિયમોના પાલન અંગે સ્વૈચ્છિક જાગૃતિ જરૂરી છે. સ્વૈચ્છિક જાગૃતિ આવશે તો વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટાડી શકાશે. વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું તેમ જ સીટબેલ્ટ બાંધવા જેવી નાની-નાની વાતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે. આપણે જ્યારે નાની-નાની વાતોનું પાલન કરીશું તો જ મોટા અકસ્માતોથી બચી શકાશે. ટ્રાફિક નિયમોના પાલન અને નાગરિકોની સલામતી માટે જાગૃતિ પર ભાર આપતા ડી.વાય.એસ.પી વી.પી. માનસેતાએ જણાવ્યું હતું કે, વાહન ચલાવતા સમયે યોગ્ય સૂચનાઓ અને સાઈન બોર્ડને ધ્યાનમાં રાખવા જરૂરી છે માનવીય જીવનનું મૂલ્ય મહત્વનું છે. જેથી સુરક્ષાને ધ્યાનમાં રાખતા હેલ્મેટ પહેરવું અને લાયસન્સ વગર વાહન ચલાવવું એ ગંભીર ગુનો બને છે. આમ કહી તેમણે પોતાની અને બીજાની સલામતી માટે નિયમોનુસાર વાહન ચલાવવા માટે નાગરિકોને અનુરોધ કર્યો હતો. માર્ગ સલામતિ માસ અંતર્ગત "દરેક વ્યક્તિએ સીટ બેલ્ટ બાંધવો જોઈએ", "ઝડપ મર્યાદાની અંદર વાહન ચલાવવું", "નશાકારક પદાર્થોનું સેવન કરી વાહન ન ચલાવવું", "લાલ લાઈટને પાર કરવાનો દંડ", "માર્ગ સુરક્ષા વિશે બાળકોને સમજાવો, ભાવિ નાગરિકને સાચો રાહ બતાવો" તેમજ ટ્રાફિકના નિયમોનું યોગ્ય પાલન કરો એવો સંદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટરએ સ્વહસ્તે વાહનોમાં રેડિયમ સ્ટ્રીપ લગાડી માર્ગ સલામતિ અંગે જાગૃતિ અંગે સંદેશ આપ્યો હતો તેમજ કર્મચારીઓ દ્વારા નાગરિકોને ટ્રાફિકના નિયમોની જાણકારી આપતા પેમ્પલેટ્સ વિતરણ કરવામાં આવ્યા હતાં. આ તકે, આર.ટી.ઓ વિભાગના અધિકારી વાય.જી. વાઘેલા, ઈન્સ્પેક્ટર એચ.એમ ગોહિલ, એન.જે.ગુજરાતી, ટ્રાફિક બ્રિગેડ એજ્યુકેશન ટ્રસ્ટના જે બી મહેતા સહિત ટ્રાફિક પોલીસના કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

# કલા મહાકુંભમાં શ્રી પ્રેમાનંદ સ્કૂલ(ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)ના ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

કલા મહાકુંભમાં શ્રી પ્રેમાનંદ સ્કૂલ(ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)ના ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાસ ગરબા, મોનો એક્ટિંગ, ડ્રોઈંગ, લોકગીત, વકતૃત્વ, નિબંધ લેખન વગેરે જેવી સ્પર્ધાઓમાં પોતાના કૌશલ્યનો કમાલ બતાવ્યો હતો. વિદ્યાર્થી જીવનમાં આ બધી બાબતો ખૂબ મહત્વની છે. જીવનલક્ષી શિક્ષણની કેળવણી એટલે આ



જ. સ્પર્ધામાં ભાગ લઈએ એટલે જીતવું કે હારવું એ સામાન્ય બાબત છે. પણ તેનાથી ઘડાયેલું વ્યક્તિત્વ જીવનની જીત અને હારમાં સ્ટેબલ રહી શકે છે. જૂનાગઢની શ્રી પ્રેમાનંદ સ્કૂલમાં અમે કંઈક આવી જ કેળવણી આપવા પ્રયત્ન કરીએ છીએ.

# રાજ્ય કક્ષાની માસ્ટર એથલેટિક્સ સ્પર્ધામાં દ્વારકાના ખેલાડીઓ ભાવનગરના સીદસર ખાતે સ્પર્ધામાં ભાગ લેશે



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩

સીદસર(ભાવનગર) ખાતે તા.૪ અને ૫ જાન્યુઆરી ૨૦૨૫ના યોજાનાર માસ્ટર એથલેટિક્સમાં દ્વારકાના શ્રી ભડકેશ્વર યોગૃપના સાત ખેલાડીઓ જુદા જુદા એઈજ ગૃપમાં રમશે. જેમાં ત્રણ બહેનો અને ચાર ભાઈઓ બહેનોમાં (૧) ભાવનાબેન માણેક, (૨) વર્ષાબેન દવે, (૩) રાધિકાબેન દવે, ભાઈઓમાં (૪) નિમેષભાઈ પટેલ, (૫) ધનજીભાઈ લુણાવીયા, (૬) હર્ષદરાય પુરોહિત, (૭) મયુરધ્વજસિંહ ઝાલા સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ ખેલાડીઓ છેલ્લા દોઠ મહિનાથી ચેતનભાઈ જીંદાણી પાસે તાલીમ લઈ રહ્યા હતા. શ્રી ભડકેશ્વર યોગૃપ વતી સૌ ખેલાડીઓને ઉત્કૃષ્ટ દેખાવ કરી દ્વારકાને ગૌરવ અપાવે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ભૂંડી ગાળો, મારી નાખવાની ધમકીના ગુન્હામાં ૪ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલ.સી.બી.

## ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જ્યુબેલીના શખ્સ વિરૂધ્ધ ચાર માસ પહેલા નોંધાઈ હતી ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૩

પોરબંદરના જ્યુબેલીના એક શખ્સ વિરૂધ્ધ ઘરમાં પ્રવેશી ભૂંડી ગાળો આપી મારી નાખવાની ધમકી બાબતની ફરિયાદ છેલ્લા ચાર માસ પહેલા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારથી આ ગુન્હાનો આરોપી લાલશાહીથી છેલ્લા ચાર માસથી નાસતો ફરતો હતો. ત્યારે આ આરોપી શખ્સને પોરબંદર એલ.સી. બી.પોલીસે પોરબંદર જ્યુબેલી ચાર રસ્તા જુના પુલ પાસેથી પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે. જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સૂચના અનુસંધાને એલ.સી. બી. ઈન્ચાર્જ પીઆઈ આર.કે. કાંબરીયાનાઓ ના માર્ગદર્શન મુજબ એલ.સી. બી. સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઈ મુકેશભાઈ માવદીયા તથા હેડ કોસ્ટેબલ હિમાંશુભાઈ મક્કા તથા પોલીસ કોસ્ટેબલ નટવરભાઈ ઓડેદરા ને સંયુક્ત હકીકત આધારે જ્યુબેલી ચાર રસ્તા જુના પુલ પાસે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર એ.૧૧૨૧૮૦ ૧૦૨૪૦૪૬૮/૨૦૨૪ બી. એન.એસ. ક.૩૩૧(૩), ૩૫૨, ૩૫૧ (૨) મુજબના ગુનાના કામે છેલ્લા ચાર માસથી લાલશાહીથી નાસતા ફરતા આરોપી સાગર દિનેશભાઈ સામૈયા રહે, જુબેલી હરભોલે ગેરેજ પાસે પોરબંદરવાળાને પોરબંદર એલ.સી.બી.એ પકડી પાડી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના ઉપરોક્ત પકડવાના બાકી ગુન્હાઓ સબબ આગળની કાર્યવાહી કરવા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવે છે.

# ભાણવડમાં ત્રાટકેલા શિયાળે માસુમ બાળકને કર્યો ઇજાગ્રસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ભાણવડના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારના મકાનમાં એક શિયાળ ઘૂસી આવ્યું હતું. હિંસક સ્વભાવના આ શિયાળએ ઢેબર ગામે રહેતા આખરે ત્રણેક વર્ષના એક બાળકને બચકા ભરી, ઘાયલ કર્યો હતો. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ભાણવડ નજીક આવેલા ઢેબર ગામના વાડી વિસ્તારમાં રહેતા એક મુસ્લિમ પરિવારના આશરે ત્રણેક વર્ષના બાળક અસ્પાક હિંગોરા ઉપર ગઈકાલે એક શિયાળએ હુમલો કર્યો હતો. કોઈ કારણસર વિફરેલા આ શિયાળે ઉપરોક્ત બાળકના ઉપર હુમલો કર્યો હતો અને તેને ખેંચી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બાળકના પરિવારનોએ શિયાળને ખદેડી દીધું હતું. બાળક ઉપર શિયાળના આ હુમલાથી તેને હાથ તથા પગમાં બટકાઓ ભરી અને બાળકને લોહી લુહાણ કરી દીધો હતો. આથી તેમના પરિવારજનોએ બાળકને તાકીદે ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં લઈ જઈ અને બાળકને જરૂરી સારવાર અપાવી હતી.

# દ્વારકામાં મૈત્રી કરાર બાદ યુવતી દ્વારા વિશ્વાસઘાત : ખોટી ફરિયાદની અપાઈ ધમકી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દ્વારકામાં રહેતા એક યુવાન સાથે રાજકોટની યુવતીએ મૈત્રી કરાર કર્યા બાદ ઝઘડો કરીને જતી રહ્યાની અને જો આ યુવાન મકાન નહીં આપે તો ખોટી ફરિયાદ કરવાની ધમકી આપ્યાની તેમજ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા સબબ દ્વારકા પોલીસ મથકમાં જુદી જુદી બે ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકાના બિરલા પ્લોટ વિસ્તારમાં રહેતા અને બોટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા કિરીટભાઈ ભીમજીભાઈ વેગડ નામના ૪૮ વર્ષના પ્રજાપતિ યુવાને થોડા સમય પૂર્વે રાજકોટમાં રહેતી ગીતાબેન નરસપા ઐયર નામની યુવતી સાથે મૈત્રી કરાર કર્યા હતા. આ પછી તેઓને ગત તારીખ ૨૬ નવેમ્બરના રોજ ઝઘડો થયો હતો અને ગીતાબેન જતી રહી હતી. ત્યાર બાદ ફરી વખત ગીતાબેન તથા તેની જામનગર રહેતી બહેન તારીખ ૩૦ ડિસેમ્બરના રોજ ફરિયાદી કિરીટભાઈના મોટાભાઈના ઘરે આવી હતી. અહીં બંનેએ ગાળા-ગાળી કરી અને ઝઘડો કર્યો હતો. આટલું જ નહીં, આરોપીઓએ જો કિરીટભાઈ મકાન નહીં આપે તો ખોટી ફરિયાદ કરીને હેરાન પરેશાન કરશે તેવી ધમકી ઉચ્ચારી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસે કિરીટભાઈ વેગડની ફરિયાદ પરથી ગીતાબેન તથા તેણીના બહેન સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત કિરીટભાઈ વેગડની અન્ય એક ફરિયાદમાં જણાવાયું છે કે રાજકોટ ખાતે રહેતા દાઉદ સુલતાન મોગલ, જયેશ કારાભાઈ મેવાડા અને ગીતાબેન નરસપા ઐયર દ્વારા એકસંપ કરી, અને પૂર્વયોજિત કાવતરું રચીને ગીતાબેન સાથે કિરીટભાઈના મૈત્રી કરાર કરાવવામાં આવ્યા હતા.

# વિસાવદરના આનંદ પાર્ક વિસ્તારમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવતા રૂા.૭૮૭૫૮ની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

વિસાવદરના જીઈબી રોડ પર આવેલ આનંદ પાર્ક વિસ્તારમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવતા રૂા.૭૮૭૫૮ના સોનાના દાગીનાની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે ભાવનાબેન નાનજીભાઈ ઉસદડીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૩૦-૧૨-૨૪ના ૧૨-૩૦ વાગ્યાથી તા.૩૧-૧૨-૨૪ના ૭ વાગ્યા દરમ્યાન અજાણ્યા શખ્સો ફરીયાદીની બહેનના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી રૂમમાં લોખંડ કબાટમાં રાખેલ સોનાની બુટ્ટી, સોનાનો ચેઈન, સહિત કુલ રૂા.૭૮૭૫૮ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૪ જાન્યુઆરી, "વિશ્વ બ્રેઈલ દિવસ" : અંધજનોની આંખોને 'બ્રેઈલ' થકી મળી પાંખો



લૂઈસ બ્રેઈલ નામના વ્યક્તિ દ્વારા શોધાયેલ 'બ્રેઈલ' એક લિપિ છે જેનો ઉપયોગ કરીને અંધ અને ઓછી દ્રષ્ટિ ધરાવતા લોકો વાંચી અને લખી શકે છે અને પછી તેને કોઈ પણ ભાષામાં બોલી શકે છે. બ્રેઈલ લિપીમાં એક કાગળ ઉપર ઉપસાવેલા ડોટ છે. જેને અંધલોકો પોતાની આંગળીના સ્પર્શ દ્વારા વાંચે છે. બિલ્ડિંગની લિફ્ટ અને બેંકોના મશીનની સ્વીચમાં પણ બ્રેઈલ લિપીનો ઉપયોગ થાય છે. બ્રેઈલના શોધક લૂઈસ બ્રેઈલનો જન્મ ૪ જાન્યુઆરીનાં રોજ ફ્રાન્સમાં થયો હતો. તે ફ્રાન્સનાં શિક્ષણશાસ્ત્રી અને સંશોધક હતા. નાનપણમાં જ અકસ્માતનાં કારણે આંખો ગુમાવવાથી તેમને અંધજનોની તકલીફો સમજાઈ અને એ દિશામાં કશુંક કરવાનો નિશ્ચય કર્યો. ૧૮૨૯ માં જ્યારે તે ફક્ત ૨૦ વર્ષનાં હતા એ સમયે તેમણે પ્રથમ 'બ્રેઈલ' બુક પ્રકાશિત કરી હતી. એ પછી પણ તેમનો મોટા ભાગનો સમય બ્રેઈલને સુધારીને વધુમાં વધુ સરળ બનાવવા માટે જ ગયો હતો. તેમનાં મૃત્યુ પછી પણ આ લિપિ હજુ લોકોએ સ્વીકારી ન હતી, પરંતુ ભાવી પેઢીઓને સમય જતા સમજાય ગયું હતું કે તેમની ખોજ કેટલી ક્રાંતિકારી હતી. સામાન્ય વ્યક્તિ પોતાની આંખોથી દુનિયા જોઈ શકે છે જયારે અંધજનો માટે એ શક્ય નથી બનતું. તેમને આસપાસનાં વાતાવરણનો ખ્યાલ આવે તે માટે તેમની પાસે 'વ્હાઈટ કેન' હોય છે પરંતુ જયારે શિક્ષણની વાત આવે, અક્ષરો પારખીને લખવા વાંચવા કે સાક્ષર થવાની વાત આવે ત્યારે શું ? અંધજનોને ભણવાનો અધિકાર જ નથી એવું તો નથી, પરંતુ તેમને શિક્ષણ આપવા કરવું પણ શું ? એવું શું કરવું કે તે લખી કે વાંચી શકે તો તે માટે લૂઈસ બ્રેઈલે બ્રેઈલ લિપીનું સંશોધન કર્યું. જેનાં દ્વારા અંધજનો પણ એમની આંગળીનાં ટેરવે રહેલી તેમની આંખોથી શિક્ષણ મેળવીને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે. કેમ કરી સમજાવું કેવો આપણો સંબંધ છે, તું લખે છે બ્રેઈલમાં અને હાથ મારો અંધ છે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# જૂનાગઢનાં ખામધ્રોળ રોડ પર બાકી રહેલ ગલીઓમાં રસ્તાની કામગીરી કરવા રજુઆત

જૂનાગઢ તા.૩

સીટી મેમણ સેવા સમાજ જૂનાગઢનાં પ્રમુખ ઝાફરભાઈ ભોજાણીએ મનપાનાં કમિશ્નરને એક પત્ર પાઠવી અને રજુઆત કરતા જણાવેલ છે કે ખામધ્રોળ રોડ પર કેમ્બ્રીજ સ્કુલ પાછળ યમુનાનગર આવેલ છે તેમાં રોડ બનાવવાની કામગીરીમાં પાંચ ગલીઓમાં કામ પૂર્ણ કરેલ છે. જયારે ૧૧ ગલીઓમાં રસ્તાની કામગીરી કરવામાં આવી નથી.

અને નદીના પાણા નાંખેલ છે તે કાઢીને રોડ બનાવી આપવા રજુઆત કરી છે.

# વંથલી નજીક જમીનમાં કબ્જો જમાવી હોટેલ બનાવી લેવા અંગે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

વંથલી નજીક આવેલ દિલાવનગર વિસ્તારમાં જમીનમાં કબ્જો કરી હોટેલ બનાવી નાખી ધમકી આપ્યાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે ગફારભાઈ ઉમરભાઈ ગીનાની સિપાઈએ દિલાભાઈ ભગાભાઈ છેલાણા અનો કરશનભાઈ મોરી રહે.બંને જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી દિલાભાઈએ ફરીયાદીની જમીનમાં કબ્જો કરી ફરીયાદીને પુછયા વગર પવન હોટેલ બનાવી નાખેલ હોય જે જમીન ખાલી કરવા ફરીયાદીએ આરોપીને ફોન કરતા આરોપીઓએ કહેલ કે તમારે અહી આવવું નહી અને હવે અહી આવશો તો ટાંટીયા ભાંગી નાખીશું તેમ કહી ફરીયાદીને ગાળો આપી જમીન પાછી જોતી હોય તો રૂા.૨૦ લાખ આપવા પડશે બાકી જાનથી મારી નાખી તેમ ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ રાણાએ તપાસ હાથ ધરી છે.

### પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા જીલ્લા વહીવટી તંત્રનું વધુ એક પગલું

# જીલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ કલેકટર કચેરીના પ્રાંગણમાં પ્રાકૃતિક કૃષિ હાટનો શુભારંભ કરાવ્યો

## કલેકટર કચેરીના અધિકારી કર્મચારી સહિતના લોકો દર ગુરૂવારે પ્રાકૃતિક શાકભાજી સહિતની ખાદ્ય ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશે






જૂનાગઢ તા.૩

પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા જિલ્લા વહીવટી તંત્રએ વધુ એક કદમ ઉઠાવ્યું છે, જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ જૂનાગઢ કલેકટર કચેરીના પ્રાંગણમાં પ્રાકૃતિક કૃષિ હાટનો શુભારંભ કરાવ્યો હતો. પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સાથે લોકોને સ્વસ્થ અને આરોગ્યપ્રદ શાકભાજી સહિતની ખાદ્ય ચીજ વસ્તુઓ મળી રહે તે માટે નવીન આયામો ઉભા કરવામાં આવી રહ્યા છે.

આ પ્રાકૃતિક કૃષિ હાટને ખુલ્લો મુકવાની સાથે કલેકટરશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા આ ખેડૂતો સાથે સંવાદ સાધી, પ્રાકૃતિક ખેતીના તેમના અનુભવો અને ખેત ઉત્પાદનો વિશે જાણકારી મેળવી હતી અને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જિલ્લા કલેકટર કચેરીના પ્રાંગણમાં દર ગુરૂવારે બપોરના ૪ થી ૬ કલાક દરમિયાન પ્રાકૃતિક કૃષિ હાટ ભરાશે. જેમાં કલેકટર કચેરીના અધિકારી- કર્મચારી સહિતના લોકો પ્રાકૃતિક રીતે પકવેલા શાકભાજી સહિતની ખાદ્ય ચીજ વસ્તુઓની ખરીદી કરી શકશે.

જિલ્લા કલેકટરે આ પ્રાકૃતિક કૃષિ હાટને શુભારંભ કરાવતા જણાવ્યું કે, રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુહિમ શરૂ કરી છે, તેને આગળ વધારવા માટે સતત જરૂરી પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તરફથી મળતા માર્ગદર્શન અને સૂચનો અનુસાર જિલ્લામાં દિન પ્રતિદિન પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધી રહ્યો છે. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવાથી ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવાના પ્રયાસમાં વધુ એક પગલું આગળ વધીને કલેકટર કચેરીના પ્રાંગણમાં પ્રાકૃતિક કૃષિ હાટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અઠવાડિયામાં એક દિવસ (ગુરૂવાર) પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પ્રાકૃતિક રીતે ઉત્પાદિત શાકભાજી સહિતની ચીજ વસ્તુઓ અહીં લાવીને વેચાણ કરશે. આમ, કલેકટર કચેરીના અધિકારી-કર્મચારી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો મળી રહેશે અને તેમના પરિવારજનોનું આરોગ્ય વધુ બહેતર બનશે. તેમ જિલ્લા કલેકટરે ઉમેર્યું હતું.

આ પ્રાકૃતિક હાટના શુભારંભ વેળાએ નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, સંયુક્ત ખેતી નિયામક જી. એસ. દવે, આત્માના પ્રોજેકટ ડાયરેકટર દિપક રાઠોડ સહિતના અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રાકૃતિક કૃષિ હાટને શરૂ કરવા માટે આત્મા પ્રોજેકટ જૂનાગઢ ટીમે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ રોજગાર કચેરી દ્વારા આવતીકાલ તા. ૪ જાન્યુઆરીના રોજ ભરતી મેળો યોજાશે

### ૧૮ થી ૩૫ વયના રોજગારવાંચ્છુઓને ખાનગી ક્ષેત્રના મહત્વના એકમમાં કામ કરવાની ઉમદા તક

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ લિલા બિઝોટેલ તથા માર્શલ ટ્રેડિંગ કંપની જૂનાગઢ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ ફ્રન્ટ ઓફિસ એક્ઝ્યુકેટીવ, સર્વિસ મેનેજર, સર્વિસ એડવાઈઝર, સેલ્સ એકઝ્યુકેટીવ કમ્પ્યુટર ઓપરેટર અને ટેકનીશીયનની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી થી સ્નાતકની, આઇ.ટી.આઇ. કે ડિપ્લોમા ઈન હોટેલ મેનેજમેન્ટ ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ‘બી’ વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન,– જૂનાગઢ ખાતે તા.૪/૧/ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. આ ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ **https:// anubandham. gujarat. gov.in**ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ

## સ્પર્ધકોને સ્પર્ધાના રૂટ ઉપર આરોગ્ય સુવિધાઓ મળી રહેશે : સ્પર્ધકોને ઈજા પહોંચે તો રૂટ ઉપરથી જ નીચે લાવવા માટે ૩ ડોળી વાળાની ટીમ તૈનાત રહેશે, સ્પર્ધાકોને ઈમરજન્સીમાં સારવાર આપવા માટે એક એમ્બ્યુલન્સ પણ તૈનાત જ રહેશે





જૂનાગઢ, તા.૩

કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં અખિલ ગુજરાત આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તા.૫ જાન્યુઆરીના રોજ યોજાનાર ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની આગોતરા આયોજનના ભાગરૂપે વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીઓની મંગલનાથ બાપુના આશ્રમ ખાતે બેઠક યોજાઈ હતી. આ સાથે સ્પર્ધકોને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલના વડપણ હેઠળ મળેલી આ બેઠકમાં ખાસ સ્પર્ધકોને મેડિકલ સુવિધાઓ ત્વરિત મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના રૂટ તળેટીથી અંબાજી સુધીના રૂટ ઉપર ૩ જેટલી મેડિકલ ટીમ પણ ઉપલબ્ધ રહેશે. ઉપરાંત ઓઆરએસ પીવાના પાણી સહિતની વ્યવસ્થા પણ સ્પર્ધકો માટે રાખવામાં આવશે. આ સ્પર્ધા દરમિયાન સ્પર્ધકોને ઈજા પહોંચે તો તેને રૂટ ઉપરથી જ નીચે લાવવા માટે ૩ ડોળી વાળાની ટીમ પણ રૂટ ઉપર તૈનાત રહેશે. સ્પર્ધાકોને ઈમરજન્સીમાં સારવાર આપવા માટે એક એમ્બ્યુલન્સ પણ તૈનાત જ રહેશે. ઉપરાંત મંગલનાથ બાપુના આશ્રમ ખાતે પણ પ્રાથમિક સારવાર માટેની સુવિધા રાખવામાં આવશે. ઉપરાંત સફાઈ, પોલીસ બંદોબસ્ત સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ સ્પર્ધા ની પૂર્વ તૈયારી વિશે જાણકારી આપી હતી. આ બેઠકમાં મહાનગરપાલિકા વન વિભાગ, આરોગ્ય, પીજીવીસીએલ સહિતના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમના તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા




જૂનાગઢ, તા.૩

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત તા. ૨૪/૧૨/ ૨૦૨૪ થી તા.૨/૧/૨૦૨૫ દરમિયાન જૂનાગઢ ખાતે ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૯ જીલ્લાના ૨૫ જેટલા ભાઈઓ અને બહેનો જોડાયા હતા.

આ ડુંગરાળ પરિભ્રમણ કાર્યક્રમ પૂર્ણ થતા આજે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા એ તાલીમાર્થીઓને સફળતાપૂર્વક આ તાલીમ પુર્ણ કરવા માટે પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે તેમણે ગિરનારભૂમિનું મહાત્મ્ય જણાવતા કહયું કે, આ પ્રકારની શિબિરોમાં ટીમવર્કમાં એક સાથે મળીને કઈ રીતે કામ કરવું તે શિખવા મળે છે. તથા આવી શિબિરોમાં વધુને વધુ જોડાવવા તથા બીજાને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડે આપી હતી. અને આભાર વિધિ વાલીએ સોરઠ હાઈસ્કુલના હારુનભાઈ વિહળ એ કરી હતી. ઉપરાંત લીનાબેન સથવારા, ભૂતિયા રિયા તથા મૌલીન પરમાર દ્વારા કેમ્પ ના અનુભવો વિષે તેમના પ્રતિભાવો આપ્યા હતા.

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં **SVIM**ના પૂર્વ આચાર્ય કમલસિંગ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. તથા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના હસ્તે શિબીરાર્થીઓ તથા માનદ ઈન્સ્ટ્રક્ટરો ને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં કે.પી. રાજપૂત કોર્ષ ઈન્ચાર્જ અમદાવાદ, બચુભાઈ મકવાણા સાબરકાઠા, ભરતસિહ પરમાર ભાવનગર માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# જૂનાગઢ જીલ્લા મથકે તા. ૨૩ તથા તાલુકા મથકે તા. ૨૨ જાન્યુઆરીના રોજ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૩

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા. ૨૩/૧/૨૦૨૫ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા. ૨૨/૧/ ૨૦૨૫ બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે તથા ગ્રામ કક્ષાના ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો કલેક્ટર કચેરી જૂનાગઢ અને તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારો એ તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦/૧/ ૨૦૨૫ સુધીમાં સીધા પણ રજૂ કરી શકાશે

નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં પોતાની રજૂઆતો/ ફરિયાદો / પ્રશ્નો, પૂરતી માહિતી અને પુરાવા સાથેની અરજી ચાલુ માસની તારીખ ૧ થી ૧૦ સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજૂ કરવાની રહેશે. જિલ્લા સ્વાગત, જિલ્લા કક્ષાના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેવી અરજીઓ, તાલુકા સ્વાગતમાં જે રજૂઆતનો નિકાલ ન થયો હોય અને અરજદાર જિલ્લા સ્વાગતમાં રજૂ કરે તેવી અરજીઓનો સમાવેશ કરવાનો રહેશે.

અરજદારે જે પ્રશ્નનો નિકાલ તાલુકા સ્વાગતમાં આવી શકે તેમ હોય, તેવી રજૂઆતો પ્રથમ તાલુકા સ્વાગતમાં રજૂ કરવી અને તાલુકા સ્વાગતમાં જે રજૂઆતનો નિકાલ ન થાય તો પછી જિલ્લા સ્વાગતમાં રજૂ કરવી. અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆતો કરી શકશે નહીં.

અરજદાર જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન રજૂઆત મોકલી શકશે. જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી જૂનાગઢ ખાતે તારીખ ૨૩/૧/ ૨૦૨૫ ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જ્યારે તાલુકા કક્ષા તથા ગ્રામકક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી/ ગ્રામ પંચાયત કચેરી ખાતે તારીખ ૨૨/ ૧/૨૦૨૫ ના બુધવારના રોજ સવારના ૧૧ કલાકે તાલુકા સ્વાગત લાયઝન અધિકારી, મામલતદાર અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. એમ નિવાસી અધિક કલેકટર જૂનાગઢ જિલ્લાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અનંત અંબાણીના કાંડે રૂા. ૨૨ કરોડની ઘડિયાળ, વિશ્વમાં બન્યા છે માત્ર ૩ પીસ

## રિચર્ડ મેલેનું દુર્લભ કલેક્શન વધારે છે જુનિયર અંબાણીની શોભા

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૩

અંબાણી પરિવાર હંમેશા તેમના અનોખા કલેકશન માટે ચર્ચામાં રહે છે, પછી તે જ્વેલરી હોય, કપડાં હોય કે ઘડિયાળો હોય. તાજેતરમાં, રિલાયન્સના વારસદાર અનંત અંબાણીએ પહેરેલી આઈસ વોચ નેટીઝન્સનું ધ્યાન ખેંચ્યું છે. વૈભવી ઘડિયાળ નિર્માતા રિચાર્ડ મિલે દ્વારા આઇસ વોચ એ દુર્લભ કલેક્શનમાંથી એક છે, જેમાં વિશ્વમાં માત્ર ત્રણ નંગ જ ઉત્પન્ન થયા છે અને તેની કિંમત રૂા. ૨૨ કરોડ છે. અનંત અંબાણી આમાંથી એક વિશિષ્ટ ટાઈમપીસ પહેરેલા જોવા મળ્યા હતા. ઘડિયાળ એક દુર્લભ સંગ્રહનો





એક ભાગ છે અને અંબાણી પરિવાર દુર્લભ ટુકડાઓ માટે જાણીતું છે, જેમ કે નીલમણિ ડાયમંડ નેકલેસ. અનંત અંબાણીના લગ્ન પહેલાના તહેવારો દરમિયાન, નીતા અંબાણીએ રૂા. ૬૫ કરોડની કિંમતનો નીલમણિ હીરાનો હાર પહેર્યો હતો. હારમાં બે મોટા નીલમણિના પથ્થરો હતા, દરેકનું વજન બાવન કેરેટ હતું જે મુઘલ યુગના હોવાનું કહેવાય છે. નીતા અંબાણી પણ મિસ વર્લ્ડ સૌંદર્ય સ્પર્ધામાં મુઘલ યુગનું બાજુ બેન્ડ પહેરીને જોવા મળી હતી. તે સોના, માણેક અને હીરાથી બનેલું કલગી આકારનું બજુબંધ હતું અને તેની કિંમત લગભગ રૂા. ૪ કરોડ હતી.

# જૂનાગઢ જીલ્લા ક્રિકેટ એસોસિયેશનના ખેલાડી ક્રેન્સ ફુલેત્રાની વિજય હઝારે ટ્રોફીમાં પસંદગી

જૂનાગઢ, તા.૩

**BCCI** દ્વારા રમાડવામાં આવતી વિજય હઝારે ટ્રોફી વન - ડે ટુર્નામેન્ટમાં જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસોસિયેશનના ખેલાડી ક્રેન્સ ફુલેત્રાની સૌરાષ્ટ્રની ટીમ પસંદગી થવા પામી છે જે બદલ જૂનાગઢ જિલ્લાના ક્રિકેટ પ્રેમીઓમાં ખુશીનો માહોલ સર્જાયો છે તે ઉપરાંત પાર્થ ભૂત પછી ક્રેન્સ ફૂલેત્રા સૌરાષ્ટ્રની ટીમમાં જૂનાગઢ જિલ્લાનો બીજો ખેલાડી પસંદગી પામ્યો છે. તે બદલ જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસો. પ્રમુખ પાર્થ કોટેચા, ઉપ પ્રમુખ પાર્થ ધુલેસિયા, સેક્રેટરી અર્જુન રાડા અને સિલેકટર કમલ ચાવડા અને કોચ ભરત બઢે અભિનંદન પાઠવ્યા હતા.




# દ્વારકામાં યોજાયો નિઃશુલ્ક નેત્રયજ્ઞ : ૨૦૫ દર્દીઓએ લાભ લીધો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દ્વારકામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે અને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ, મોંઘીબેન હ.વિ.ગો. મે. ચે.ટ્રસ્ટ દ્વારકાના સહયોગથી દ્વારકા લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલા ૧૧૧ માં નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં કુલ ૨૦૫ દર્દીઓએ લાભ લીધો હતો. જે પૈકી ૭૬ દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા આ દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ મોતિયાનું ઓપરેશન કરાવી, નિઃશુલ્ક નેત્રમણી



બેસાડી પરત દ્વારકા લાવવામાં આવેલ. દર્દીઓને લાવવા લઈ જવા, રહેવા, જમવાની સુવિધા પણ વિનામૂલ્યે રાખવમાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા સેક્રેટરી અશ્વિનભાઈ ગોકાણી, કે.જી. હિન્ડોચા, ઈશ્વરભાઈ ઝાખરીયા, સુરેશભાઈ દતાણી, પ્રતાપભાઈ દામાણી, અમિતભાઈ થોભાણી, લખુભાઈ સોમૈયા, કિરણબેન મકવાણા, ડો. ધર્મેન્દ્ર મજીઠીયા, ભદ્રેશભાઈ વિગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દેશની આર્થિક તસ્વીર બદલનાર મનમોહન સિંહની વિદાય

ડો.મનમોહન સિંહે વડાપ્રધાન તરીકે ક્યારેય મીડિયાથી ખુદને બચાવવાની કોશિશ ન કરી. તેમણે કેટલીય પ્રેસ કોન્ફરન્સ કરી, જેમાં તેમની આખરી પ્રેસ કોન્ફરન્સ સૌથી યાદગાર હતી. તેમાં તેમને પૂછવામાં આવ્યું કે તેઓ વડાપ્રધાન રૂપે ખુદને કેવી રીતે આંકે છે? તેમનો કોઈ ખચકાટ વિના જવાબ હતો, ઈતિહાસ મારું યોગ્ય આકલન કરશે (ધ હિસ્ટ્રી વિલ રાઈટ્લી જજ મી), અને આજે જ્યારે મનમોહન સિંહ આપણી વચ્ચે નથી રહ્યા, તો ખરેખર ઈતિહાસે તેમને આંકવાનો સમય આવી ગયો છે. જ્યારે ઈતિહાસ તેમને આંકશે તો નિશ્ચિતપણે યાદ કરશે કે નાણાંમંત્રી તરીકે મનમોહન સિંહે ભારતની અર્થવ્યવસ્થાને ત્યારે સંકટમાંથી ઉગારી, જ્યારે તેમની પૂર્વવર્તી સરકાર દેશનું સોનું સુદ્ધાં વિદેશમાં ગિરવી મૂકી ચૂકી હતી. એમ તો આર્થિક સુધારાના જનક તત્કાલીન વડાપ્રધાન નરસિંહ રાવને જ ગણવા જોઈએ, તેમ છતાં તેને અમલમાં લાવનારા નાણાંમંત્રી મનમોહન સિંહની પણ ઉપલબ્ધિ ઓછી ન આંકી શકાય.

ભારતમાં મનમોહન સિંહને લઈને લોકો જે પણ માનતા હોય, પરંતુ દુનિયા તેમને કેવા ઊંચા સ્તર પર મૂકતી હતી, તેનો અંદાજ તેમની સાથે વિદેશ યાત્રાઓ પર જવાથી મળતો હતો. વાત ૨૦૧૨ની છે. જી-૨૦ શિખર સંમેલન મેક્સિકોના લોસકાબોસ શહેરમાં હતું. તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહની સાથે જનારા પ્રતિનિધિમંડળમાં તમામ પત્રકારો શિખર સંમેલનના સ્થળ પર પહોંચી ગયા. ત્યાં એક-એક કરીને તમામ રાષ્ટ્રાધ્યક્ષો આવતા હતા અને મંડપની બહાર પોર્ચમાં મેક્સિકોના પ્રોટોકોલ મંત્રી તેમનું સ્વાગત કરી રહ્યા હતા. આ અતિ વિશિષ્ટ રાષ્ટ્રાધ્યક્ષોમાં અમેરિકા, રશિયા, ઈંગ્લેન્ડ, જર્મની જેવા દેશોના શીર્ષ નેતા હતા. અચાનક મેક્સિકોના રાષ્ટ્રપતિ બહાર આવ્યા. બધા વિચારવા લાગ્યા કે તેઓ કોના માટે આવ્યા હશે? ત્યારે જ ચીનના રાષ્ટ્રપતિ આવ્યા અને મેક્સિકોના રાષ્ટ્રપતિ તેમને પોતાની સાથે અંદર લઈ ગયા. થોડી વારમાં જ ફરી એક વખત મેક્સિકોના રાષ્ટ્રપતિ પોર્ચમાં આવ્યા. તમામ પત્રકારોની ઉત્સુકતા વધી ગઈ. બધાની ખુશી બેવડાઈ ગઈ જ્યારે આપણા વડાપ્રધાનની તિરંગાવાળી કાર આવી અને યજમાન રાષ્ટ્રપતિએ આગળ વધીને મનમોહન સિંહનું સ્વાગત કર્યું. તેમને સસન્માન અંદર લઈ ગયા. બધાના મનમાં સવાલ હતો કે માત્ર ભારત અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષોને જ આટલું સન્માન કેમ મળ્યું? તેનો જવાબ પણ જલ્દી મળી ગયો, જ્યારે બધાએ જોયું કે મંચ પર સૌથી વધારે કોઈની પ્રતિષ્ઠા હતી તો તે ભારત અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષોની હતી. તેમાં પણ ડો.મનમોહન સિંહને તમામ વિશ્વ નેતાઓ ઘેરી વળ્યા હતા. બાદમાં ખબર પડી કે ત્યાં શું વાત થતી હતી, બધા વૈશ્વિક નેતાઓ મનમોહન સિંહ પાસે જાણવા માગતા હતા કે ભારતે ૨૦૦૮ની વૈશ્વિક મંદીથી પોતાને કેવી રીતે બચાવ્યું. આપણા વડાપ્રધાન ચિરપરિચિત શૈલીમાં કોઈ શિક્ષકની જેમ તેમને સમજાવી રહ્યા હતા.

બ્રાઝિલના રિયો ડિ જાનેરોમાં રિયો-૨૦ પૃથ્વી સંમેલનમાં ચીનના તત્કાલીન રાષ્ટ્રપતિ સાથે વડાપ્રધાન મનમોહનની દ્વિપક્ષીય મુલાકાત હતી. મનમોહન સિંહ થોડા મોડા પહોંચ્યા અને વિલંબ માટે ખેદ વ્યક્ત કર્યો, તો ચીની રાષ્ટ્રપતિએ ઉષ્માભેર કહ્યું, દુનિયાના નામી અર્થશાસ્ત્રી વડાપ્રધાનનું સ્વાગત કરવું મારા માટે ગૌરવની વાત છે. આ એક ઉદાહરણ છે મનમોહન સિંહની વૈશ્વિક ઓળખ અને પ્રતિષ્ઠાની, પરંતુ મનમોહન સિંહને પોતાના આ સન્માનથી કોઈ ફરક નહોતો પડતો. તેમની સહજતા અને વિનમ્રતા તો એવી જ રહેતી હતી. જોકે તેમની આ સહજતાને જ કોંગ્રેસીઓ કમજોરી માનતા હતા. નાણાંમંત્રી તરીકે મનમોહન સિંહ જેટલા સહજ હતા એટલા જ સહજ વડાપ્રધાન પદે પણ રહ્યા. બેહદ વિનમ્ર અને ધીમું બોલનારા મનમોહન સિંહ પત્રકારોના સવાલોનો જવાબ બેહદ શાલીનતાથી આપતા હતા. ક્યારેક તેમને નારાજ કે અસહજ થતાં નથી જોયા. તેઓ પોતાની મારુતિ-૮૦૦ કાર ખુદ ચલાવીને આવતા. કોંગ્રેસના કેટલાય વરિષ્ઠ નેતા તેમની સહજતાને હંમેશાં તેમની કમજોરી કહેતા, કારણ કે તેઓ ક્યારેય સદનમાં સરકાર પર એ રીતે આક્રમક નહોતા રહેતા, જેની આદત સામાન્યપણે વિપક્ષી નેતાઓને હોય છે.

યુપીએ સરકારના દસ વર્ષમાં સોનિયા ગાંધી અને મનમોહન સિંહ વચ્ચે ઝગડો કરાવવાની ઘણી કોશિશો થઈ. પરંતુ તેઓ સફળ ન થયા. કેટલીય વાર બંને વચ્ચે કોઈ મુદ્દા પર સહમતિ નહોતી બનતી, પરંતુ ક્યારેક સોનિયા તો ક્યારેક મનમોહન સિંહે પાછળ હટીને ટકરાવની નોબત ન આવવા દીધી. અમેરિકા સાથે અસૈન્ય પરમાણુ સમજૂતીને લઈને ડાબેરી નેતાઓના પ્રભાવમાં સોનિયા ગાંધી શરૂઆતમાં અસહજ હતાં, પરંતુ જ્યારે મનમોહન સિંહે તેમને આ સમજૂતીથી ભારતને થનારા ફાયદા સમજાવ્યા અને કહ્યું કે તેઓ ભારતના હિતો સાથે ક્યારેય સમજૂતી નહીં કરે, તો સોનિયા ગાંધીએ થોડાં સૂચન કર્યાં, જેને મનમોહન સિંહે અમેરિકા પર દબાણ કરીને સમજૂતીમાં ઉમેર્યાં. વડાપ્રધાન પદે રહેતાં મનમોહન સિંહ સામે એવી પણ ક્ષણ આવી જ્યારે તેમના પદની સરાજાહેર અવહેલના થઈ ગઈ. તે પણ કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી દ્વારા! એક પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ પોતાની જ સરકારનો એ અધ્યાદેશ ફાડી નાખ્યો, જેને કેબિનેટે પણ મંજૂરી આપી દીધી હતી. ત્યારે મનમોહન સિંહ અમેરિકાની યાત્રા પર હતા. તેમને જ્યારે આની ખબર પડી તો તેમને ઘણી તકલીફ થઈ, પરંતુ તેમણે તેને જાહેર ન થવા દીધી અને જાતને સંભાળી લીધી. આ ઘટનાનો ફાયદો પણ કેટલાક દરબારીઓ ઉઠાવવા માગતા હતા, પરંતુ મનમોહન સિંહે એ બધાને નિરાશ કર્યા અને સોનિયા પરિવાર સાથે પોતાના સંબંધ ન બગાડ્યા.

### ખ્યાતિ હોસ્પિટલ પર ગંભીર આક્ષેપ મુકાયા

# ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડનો ભોગ બનેલા ૧૫ પરિવારો હાઈકોર્ટના શરણે

## અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલી ગેરરીતિઓ અને દર્દીઓ સાથેની છેતરપિંડીના મામલાએ નવો વળાંક લીધો છે




અમદાવાદ, તા.૩

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલી ગેરરીતિઓ અને દર્દીઓ સાથેની છેતરપિંડીના મામલાએ નવો વળાંક લીધો છે. હોસ્પિટલના કથિત કૌભાંડનો ભોગ બનેલા ૧૫ પરિવારોએ હવે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ અરજીમાં પીડિત પરિવારોએ વ્યક્તિગત ફરિયાદ નોંધાવવાની માંગ કરી છે.ખ્યાતિ હોસ્પિટલ પર એવા ગંભીર આરોપો છે કે તેણે તમામ નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરીને દર્દીઓને શારીરિક અને આર્થિક રીતે નુકસાન પહોંચાડ્યું છે. હોસ્પિટલ પર આરોપ છે કે તેણે ખોટી રીતે એન્જીયોગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી જેવી પ્રક્રિયાઓ કરી છે, જેના કારણે ઘણા દર્દીઓને શારીરિક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.અત્યાર સુધી આ કેસમાં માત્ર એક જ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેના કારણે અન્ય પીડિત પરિવારોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. આથી, પીડિત પરિવારોએ હાઈકોર્ટમાં અરજી કરીને વ્યક્તિગત ફરિયાદ નોંધાવવાની પરવાનગી માંગી છે.અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હોસ્પિટલ દ્વારા છેતરપિંડીનો ભોગ બનેલા દર્દીઓ પાસેથી હજુ સુધી કોઈ તપાસ એજન્સી કે આરોગ્ય વિભાગ દ્વારા સત્તાવાર નિવેદન લેવામાં આવ્યા નથી. જેના કારણે પીડિતોમાં ભારે નારાજગી છે.આ ઘટનાક્રમ બાદ હવે હાઈકોર્ટ આ મામલે શું નિર્ણય લે છે તે જોવું મહત્વનું રહેશે. પીડિત પરિવારોને આશા છે કે હાઈકોર્ટ તેમને ન્યાય અપાવવામાં મદદ કરશે અને ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડની યોગ્ય તપાસ થશે.

### કેન્દ્ર સરકારે જાહેર કરી ગાઈડલાઈન

# ૨૪ જાન્યુઆરીથી બદલાઈ જશે હાઈવેના નિયમ

## આ ફેરફારો દ્વારા વધી રહેલા અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

નવીદિલ્હી તા.૩

નવા વર્ષની શરુઆત સાથે જ કેન્દ્ર સરકારે હાઈવે અને એક્સપ્રેસ વે પર સાઈન બોર્ડ માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. આ ગાઈડલાઈન ૨૪ જાન્યુઆરીથી અમલમાં આવશે, તેનો ઉદ્દેશ્ય માર્ગ વપરાશકર્તાઓને સ્પષ્ટ, પ્રમાણિત અને સમયસર માહિતી પ્રદાન કરવાનો છે. આ ફેરફારો દ્વારા વધી રહેલા અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નવી વ્યવસ્થા હેઠળ રમ્બલ સ્ટ્રિપ્સ જેવા સંભવિત ખતરનાક સ્થળો પહેલાં સાઈન બોર્ડ મૂકવામાં આવશે, જેથી ડ્રાયવરોને પોતાની સ્પીડ કંટ્રોલ કરવાનો સમય મળી શકે. સ્પીડ લિમીટની જાણકારી દર પાંચ કિલોમીટરના અંતર પર સાઈન બોર્ડ દ્વારા આપવામાં આવશે. આ બોર્ડને એવી રીતે જ ડિઝાઈન કરવામાં આવ્યા છે જેથી ડ્રાયવરો તેને સરળતાથી વાંચી અને સમજી શકે.

માર્ગ પરિવહન મંત્રાલયે સાઈન બોર્ડ પર વપરાતા અક્ષરો અને સંખ્યાઓના કદ અને રંગને પ્રમાણિત કર્યા છે. આ પગલાંથી સાઈન બોર્ડની એકરૂપતા વધશે અને તેમને સમજવામાં સરળ રહેશે. તેમજ એક જ બોર્ડ પર જુદા જુદા વાહનોની સ્પીડ લિમિટ સ્પષ્ટ રીતે દર્શાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અકસ્માતો અને ટ્રાફિક જામ ઘટાડવા દર પાંચ કિલોમીટરે 'નો પાર્કિંગ' બોર્ડ લગાવવામાં આવશે. આ ઉપરાંત રાહદારીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા ક્રોસિંગ અંગે આગોતરી માહિતી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### જામનગરમાં રિલાયન્સ રેકોર્ડ બનાવશે

# AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવાની આકાશ અંબાણીએ કરી જાહેરાત

## ઈશા અંબાણી અને અનંત અંબાણી સાથે આકાશ અંબાણીએ રિલાયન્સના વિકાસ માટે મળીને કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી

જામનગર, તા.૩

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર આકાશ અંબાણીએ કહ્યું કે, "અમે જામનગરમાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે કમિટેડ છીએ. અમે આ દુનિયાના ટોપ બ્રાન્ડ્સની વચ્ચે લઈને જઈશું." તેમણે કહ્યું કે, "હું ઈશા અને અનંત સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રોથ માટે સાથે કામ કરવા માટે કમિટેડ છું. જામનગર રિલાયન્સ ફેમિલીનું એક આભૂષણ છે."

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી રિફાઈનરીને ૨૫ વર્ષ પૂરા થઈ ચૂક્યા છે. આ ખાસ અવસર પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર ઈશા અંબાણી પીરામલે રિફાઈનરીના કર્મચારીઓને સંબોધન કર્યું હતું. તો વળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિદેશક આકાશ અંબાણીએ ગુરુવારે જામનગરમાં એઆઈ માળખાગત ઢાંચાને વિકસિત કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

જામનગરને રિલાયન્સ પરિવારનું અનમોલ ઘરેણું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "આ કામ ૨૪ મહિનાના નાના એવા ગાળામાં જામનગરની સાચી ભાવનાને અનુરૂપ કરવામાં આવશે."

ઈશા અંબાણી અને અનંત અંબાણી સાથે આકાશ અંબાણીએ રિલાયન્સના વિકાસ માટે મળીને કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી છે. તેઓ જામનગર રિફાઈનરીના ૨૫ વર્ષ પૂરા થવાના અવસર પર આયોજિત એક કાર્યક્રમને સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, "અમે જામનગરમાં જે એઆઈ ઢાંચા પર કામ શરૂ કર્યું છે, તે ન ફક્ત જામનગરને એઆઈ માળખાગત ઢાંચામાં અગ્રણી બનાવશે, પણ તેને દુનિયામાં ટોપ રેક્માં પણ રાખશે."

"અમે જામનગરમાં તેનું નિર્માણ કાર્ય શરૂ કરી દીધું છે અને અમે તેને જામનગર સ્ટાઈલમાં રેકોર્ડ સમયમાં પૂરું કરવા માગીએ છીએ, જેવું કે અમે જામનગરમાં હંમેશા ૨૪ મહિનામાં કર્યા છે." તેમણે કહ્યું કે, "ઈશા, અનંત અને હું, અમે એકબીજાને વચન આપીએ છીએ કે, અમે મળીને રિલાયન્સને આગળ વધારીશું અને ખાતરી આપીએ છીએ કે, જામનગર હંમેશા અમારા રિલાયન્સ પરિવારનું ઘરેણું બનીને રહેશે. આ અમારા માતા-પિતા સહિત આખા રિલાયન્સ પરિવાર પ્રત્યે મારી કટિબદ્ધતા છે."

# ગોધરામાં ૨૦૦થી વધારે આદિવાસી લોકોએ કરી ઈચ્છા મૃત્યુની માગ

(સંપૂર્ણ સમાચાર સેવા) ગોધરા, તા.૩

પંચમહાલમાં ઈચ્છા મૃત્યુની માગ સાથે આદીવાસી સમાજે ધરણાં કર્યાં છે. પંચમહાલના ગોધરા તાલુકાનાં ૨૦૦ થી વધુ લોકોનાં જિલ્લા કલેકટર કચેરી બહાર ધરણા કર્યાં છે. આદિવાસીઓની જમીન બિન- આદીવાસીએ પચાવી પાડ્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. બિલ્ડરો પર જમીન પચાવી પાડવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. શ્રી સરકાર જમીન આદીવાસી મૂળ માલિકોને પરત કરવા માટે માગ કરી છે. રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય પગલા લેવાની કલેકટરે બાંહેધરી આપી છે.ઈચ્છામૃત્યુ બે પ્રકારના હોય છે. પ્રથમ – સક્રિય ઈચ્છામૃત્યુ અને બીજું નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ. ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી છે. નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ એ તબીબી સારવારને રોકવા અથવા પાછી ખેંચવાની ક્રિયા છે, જેમ કે વ્યક્તિ કોઈ એવી બીમારીથી પીડાતા હોય જેનો કોઈ ઈલાજ ના હોય તેવા લોકો ઈચ્છામૃત્યુની માગ કરી શકે છે.

### છેલ્લા મહિનામાં રૂ.૨૨,૪૯૦ કરોડના રિફંડ ઈશ્યૂ કરાયા

# ડિસેમ્બરમાં GST કલેકશન ૭.૩% વધીને રૂ.૧.૭૭ લાખ કરોડ

## રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે, રૂા.૨,૦૦૦ની ૯૮.૧૨ ટકા નોટ બેન્કિંગ સિસ્ટમમાં પરત આવી ચૂકી છે




નવી દિલ્હી, તા.૩

વર્ષના છેલ્લા મહિનામાં કુલ જીએસટી કલેક્શનમાં વૃદ્ધિનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. ડોમેસ્ટિક અને નિકાસ રિફંડમાં નોંધપાત્ર વૃદ્ધિ છતાં ડિસેમ્બરમાં જીએસટીની આવક ૭.૩ ટકા વધીને રૂ.૧.૭૭ લાખ કરોડ નોંધાઈ છે. જ્યારે સ્થાનિક વ્યવહારોમાંથી થયેલું જીએસટી કલેક્શન ૮.૪ ટકા વધીને રૂા.૧.૩૨ લાખ કરોડ થયું છે. ડિસેમ્બરમાં રૂા.૧.૭૭ લાખ કરોડના કુલ જીએસટી કલેકશનમાં સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી)નો હિસ્સો રૂા.૩૨,૮૩૬ કરોડ, સ્ટેટ જીએસટી (એસજીએસટી) રૂા.૪૦,૪૯૯ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) રૂા.૪૭,૭૮૩ કરોડ અને સેસ રૂા.૧૧,૪૭૧ કરોડ રહ્યા હતા. અગાઉના વર્ષના સમાન ગાળામાં ડિસેમ્બર ૨૦૨૩માં જીએસટીની આવક રૂા.૧.૬૫ લાખ કરોડ નોંધાઈ હતી. નવેમ્બરમાં જીએસટી કલેકશન રૂા.૧.૮૨ લાખ કરોડ રહ્યું હતુ કે, જે ૮.૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ હતી. અત્યાર સુધીમાં જીએસટીની સૌથી વધુ આવક એપ્રિલ ૨૦૨૪માં રૂા.૨.૧૦ લાખ કરોડ રહી હતી. ડિસેમ્બરમાં રૂા.૨૨,૪૯૦ કરોડના રિફંડ ઈશ્યૂ કરાયા હતા, જ અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનામાં ૩૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર એમ એસ મણિએ જણાવ્યું હતું કે, "જીએસટીના એકંદર કલેક્શનમાં વાર્ષિક ૮.૬ ટકા વધારો નોંધાયો છે, પણ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે રિફંડમાં ૧૩.૫ ટકાની વૃદ્ધિ છતાં આ વૃદ્ધિ હાંસલ કરાઈ છે. તે જીએસટી કલેક્શનમાં સ્થિરતા દર્શાવે છે." રિઝર્વ બેન્કે બુધવારે જણાવ્યું હતુ કે, રૂા.૨,૦૦૦ની ૯૮.૧૨ ટકા નોટ બેન્કિંગ સિસ્ટમમાં પરત આવી ચૂકી છે, પણ હજુ રૂ.૬,૬૯૧ કરોડની નોટ લોકો પાસે છે. ૧૯ મે, ૨૦૨૩ના રોજ રૂા.૨,૦૦૦ની નોટ સર્ક્યુલેશનમાંથી પાછી ખેંચવામાં આવી હતી. એ દિવસે રૂા.૨,૦૦૦ની રૂા.૩.૫૬ લાખ કરોડની નોટ સર્ક્યુલેશનમાં હતી, તે ઘટીને હવે રૂા.૬,૬૯૧ કરોડ થઈ છે. રૂા.૨,૦૦૦ની નોટ અત્યારે પણ 'લિગલ ટેન્ડર' છે. અમદાવાદ, મુંબઈ સહિત દેશભરની ૧૯ રિઝર્વ બેન્કમાં આવી નોટ જમા કરાવી કે બદલી શકાય છે.

# અમરેલીમાં લેટરકાંડ યુવતીનુ સરઘસ કાઢવા મુદ્દે હવે કોંગ્રેસ નેતા મેદાનમાં આવ્યા

## આ કેસને લઈને, પાટીદાર સમાજના લોકો આંકડાની સામે ખીચાણ પાડતા જોવા મળી રહ્યા છે

અમરેલી, તા.૩

અમરેલીના લેટર કાંડમાં પાટીદાર સમાજની અવિવાહિત દિકરીના સરઘસ કાઢવાના મુદ્દે રાજકારણ ગરમાયું છે. બનાવટી લેટર કાંડ મામલે, પાટીદાર સમાજના આગેવાનોની પ્રયાસો દરમિયાન, વિદ્યાર્થીઓ અને રાજકીય દળો વચ્ચે વિવાદ વધુ પ્રખર બની રહ્યો છે.

અમરેલીમાં ખોડલધામ સમિતિના આગેવાનો દ્વારા યુવતીને જેલમાંથી મુક્ત કરાવવાની મુહિમ ચાલી રહી છે. અનેક પાટીદાર આગેવાનો જેમ કે દિનેશ બાંભણીયા, મનોજ પનારા, અને મહેશ કસવાળા, આ બાબતમાં સક્રિય થયા છે. આ કેસને લઈને, પાટીદાર સમાજના લોકો આંકડાની સામે ખીચાણ પાડતા જોવા મળી રહ્યા છે.

વિશેષ આ કેસમાં હવે કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ મૌન તોડતા કવિતા લખી ટ્વીટ કરી છે, "લાજ લેનારા સામે લડીશું. કૌરવ કુળના અહંકારી લોકોએ, અમરેલીની ભરબજારમાં, એક કુંવારી કન્યાનો 'જાહેરમા વરઘોડો' કઢાવીને સમગ્ર ગુજરાતની ગરિમાને ઠેસ પહોંચાડી છે. સમાજ ક્યારેય માફ નહી કરે..!" જેમાં તેમણે આરોપ લગાવ્યા છે કે અમરેલીની કુંવારી કન્યાના 'જાહેરમા વરઘોડા' કાઢી ગુજરાતની ગૌરવશાળી પરંપરાને ઠેસ પહોંચાડી છે.

આ વિવાદમાં આંતરરાષ્ટ્રીય કૃમિ સેના દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે, સરઘસ કાઢનાર સામે પણ કાર્યવાહી કરવા માંગ ઉઠી છે. એક બાજુ સંવિધાનની વાતો વચ્ચે સંવિધાન ભંગ કરી રહ્યાં છે. પોલીસ સામે કાર્યવાહી માંગ સાથે કલેકટરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં દોષી સામે કાયદેયસર કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.આ દરમ્યાન રાજકીય આગેવાનો તેમજ પાટીદાર સમાજના આગેવાનો મહિલાને જેલમાંથી મુક્ત કરાવવાના પ્રયત્નો કરી રહ્યા છે, અને પોલીસ ફરિયાદમાંથી તેણીના નામને દૂર કરવાની વાત પણ કરવામાં આવી રહી છે. આ ઘટનાએ અમરેલી અને સમગ્ર ગુજરાતમાં રાજકીય અને સામાજિક મંચ પર ચિંતાઓ અને ચર્ચાઓનો વિવાદ ઉભો કર્યો છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હથિયારબંધી અંગે જાહેરનામું

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા અને ટોળામાં ફરવા ઉપર, પથ્થરો કે ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અને ફેંકવા કે ધકેલવાના યંત્રોની હેરફેર ઉપર પ્રતિબંધ લગાવાયો છે. આ પ્રતિબંધો નિયમાનુસાર પરવાનગી ધરાવનારા વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

# સંરક્ષણ દળોમાં જોડાવવા ઈચ્છતા યુવાઓ ૧૫ જાન્યુઆરી સુધી તાલીમ વર્ગ અંગે અરજી કરી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

રાજ્યના યુવાનો આર્મીમાં ભરતી થઈ દેશસેવા અને રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરીદળો તથા પેરા મિલિટરી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક અને માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતગર્ત દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા યુવાનોના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કાર્યમાં થાય તે માટે ફેબ્રુઆરી માસમાં ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં જોડાવવા ઈચ્છતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારો પાસેથી જિલ્લા રોજગાર વિનિમય કચેરીને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધાર કાર્ડ, ૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા. ૧૫ જાન્યુઆરી સુધીમાં પહોંચાડી જવાના રહેશે. આ તાલીમવર્ગ દેવભૂમિ દ્વારકા ખાતે નિઃશુલ્ક (રહેવા-જમવાનો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે.) યોજવામાં આવશે. તાલીમમાં જોડાવવા માટેની શૈક્ષણિક લાયકાતમાં ધો. ૧૦ માં ૪૫ % સાથે અથવા ધો. ૧૨ માં ૫૦ % સાથે કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ હોવા જોઈએ. ઉમેદવારની ઉંમર ૧૭.૫ થી ૨૩ વર્ષની હોવી જોઈએ. તાલીમ વર્ગનો સમયગાળો ૩૦ દિવસ રહેશે. ઉમેદવારની શારીરિક યોગ્યતા ઉંચાઈ ૧૬૨ સે.મી., વજન ૫૦ કિલોગ્રામ, છાતી-ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી. હોવી જોઈએ. ઉમેદવારને શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન, છાતી તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વિગેરેની તાલીમ ભરતીને અનુરૂપ ફિઝીકલ તાલીમ આપવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. આ નિવાસી તાલીમવર્ગમાં આર્મીની પ્રથમ તબક્કાની લેખિત પરિક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર વિનિમય કચેરીની યાદીમાં જણાવાયું છે.

# પતિથી અલગ રહેતી હોય તેવી પત્નીની અરજીના આધારે બાળકનો પાસપોર્ટ કાઢી આપવો પડે : હાઈકોર્ટ




અમદાવાદ, તા.૩

પતિ અને પત્ની અલગ રહેતા હોય અને બાળકને મળવાના અધિકારનો ત્યાગ પતિએ કર્યો હોય તો બાળકના પાસપોર્ટ માટે પતિની મંજૂરીની જરૂર નથી અને કોર્ટના આદેશના માધ્યમથી પાસપોર્ટ કાઢી આપવાનો રહે છે તેવો આદેશ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. જસ્ટિસ અનિરૂદ્ધા માયીએ પાસપોર્ટ ઓથોરીટીને અરજદાર માતાની અરજી ઉપર પાસપોર્ટ રૂલ્સની જોગવાઈઓ ધ્યાને લઈ આઠ સપ્તાહમાં નિર્ણય લેવા અને તેને બાળકીનો પાસપોર્ટ ઈશ્યુ કરી આપવા હુકમ કર્યો હતો. અરજદાર માતા તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદાર અને તેના પતિ છેલ્લા ઘણા સમયથી અલગ રહે છે અને બંને વચ્ચેના ડિવોર્સની પિટિશન ચાલી રહી છે પરંતુ બંને જણાંના ઔપચારિક રીતે છૂટાછેડા થયા નથી. જો કે, સગીર પુત્રી અરજદાર માતા પાસે હોઈ અને બાળકીના જૈવિક પિતાએ બાળકીને લઈ તમામ હક્કો જતા કર્યા હોઈ અરજદારે પાસપોર્ટ ઓથોરીટીને સગીર પુત્રીના પાસપોર્ટ માટે એપ્લાય કર્યુ હતુ કારણ કે, તેનો પાસપોર્ટ એપ્રિલ-૨૦૨૪માં પૂર્ણ થતો હતો. પરંતુ પાસપોર્ટ ઓથોરીટીએ અરજદારના પતિની સંમંતિ લાવવાનો આગ્રહ રાખ્યો હતો અને તે વિના પાસપોર્ટ ઈશ્યુ કરવાની ના પાડી હતી. અરજદાર માતા તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, અરજદાર દ્વારા તેની પુત્રીના પાસપોર્ટ માટે તેના પતિની સંમંતિ મેળવવી શકય નથી કારણ બંને વચ્ચે છૂટાછેડાની પિટિશન ચાલી રહી છે. વળી, પાસપોર્ટ રૂલ્સ-૧૯૯૦ના શીડયુલ-૩ના રૂલ-૪(એ)(૩)(એ) મુજબ, સીંગલ પેરેન્ટ પણ બાળકના પાસપોર્ટ માટે એપ્લાય કરી શકે છે. હાઈકોર્ટે અરજદારપક્ષની રજૂઆત ધ્યાનમાં લીધા બાદ તેમ જ પાસપોર્ટ રૂલ્સની સંબંધિત જોગવાઈ ધ્યાને લઈ અરજદાર માતાની સગીર પુત્રીનો પાસપોર્ટ ઈશ્યુ કરવા આઠ સપ્તાહમાં નિર્ણય લેવા પાસપોર્ટ ઓથોરીટીને હુકમ કર્યો હતો.

# વપરાયેલ કાર ઉપર 18% GST : શું તમારે તમારી કાર વેચવા ઉપર ટેક્સ ચૂકવવો પડશે ?

(એજન્સી) તા.૩

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કાઉન્સિલના જૂના અને વપરાયેલા વાહનો ઉપર GST દર વધારીને ૧૮% કરવાના નિર્ણયે દેશભરમાં ચર્ચા જગાવી છે. ૫૫મી GST કાઉન્સિલની બેઠકમાં જાહેર કરાયેલ સુધારેલા દર, રજિસ્ટર્ડ વ્યવસાયો દ્વારા વેચવામાં આવતા ઈલેક્ટ્રિક વાહનો (EVs) સહિત તમામ જૂના અને વપરાયેલા વાહનોને લાગુ પડે છે. જો કે, GST હેઠળ નોંધાયેલ વ્યક્તિઓ આ ફેરફારથી અપ્રભાવિત રહે છે. આ નિર્ણયે ચર્ચા જગાવી છે કારણ કે તે એવા સમયે આવ્યો છે જ્યારે ભારતનું યુઝ્ડ કાર માર્કેટ વૃદ્ધિ માટે તૈયાર છે. ઘણા લોકો માને છે કે આ પગલાનો હેતુ સરકારની આવકને વેગ આપવા માટે ઝડપથી વિસ્તરતા ક્ષેત્રમાં ટેપ કરવાનો છે.

**નાણામંત્રીની સ્પષ્ટતાએ મૂંઝવણ ઊભી કરી**

GSTમાં વધારાનો ઉદ્દેશ્ય વિવિધ પ્રકારનાં વાહનોમાં ટેક્સના દરોને સુવ્યવસ્થિત કરવાનો છે, ત્યારે નાણા પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા આ મુદ્દે અગાઉની સ્પષ્ટતાએ ખરીદદારો અને વિક્રેતાઓને નવા દરો કેવી અસર કરશે તે અંગે અનિશ્ચિતતા ઊભી કરી દીધી હતી. નાણામંત્રીએ કહ્યું કે વાસ્તવિક કિંમત અને પુનઃ વેચાણ કિંમત વચ્ચેના તફાવત ઉપર GSTની ગણતરી કરવામાં આવે છે. નાણા મંત્રીએ કહ્યું કે, ‘તે ખરીદેલી કિંમત અને પુનઃવેચાણની કિંમતના તફાવતના માર્જિન ઉપર છે. ધારો કે તેને રૂા.૧૨ લાખમાં ખરીદ્યું, સેકન્ડ હેન્ડ વપરાતા વાહનના નામે રૂા.૯ લાખમાં વેચ્યું તો માર્જિન પર માત્ર આ ૧૮% મૂકવામાં આવ્યો છે. જો કે, સમજૂતીએ માર્જિન કેવી રીતે નક્કી કરવામાં આવશે અને શું GSTમાં વધારો આખરે વેચાણકર્તાઓને નુકસાન તરફ દોરી જશે તે અંગે પ્રશ્નો ઉભા કર્યા છે. શા માટે વપરાયેલી કારના વેચાણ પર ૧૮% GST લાદવામાં આવ્યો હતો. આ નિર્ણયની સ્પષ્ટતા કરતા, ભાજપના રાષ્ટ્રીય માહિતી અને ટેકનોલોજી વિભાગના પ્રભારી અમિત માલવિયાએ સ્પષ્ટતા કરી કે ૧૮% GST માત્ર ડીલરો દ્વારા મેળવેલા માર્જિન ઉપર ગણવામાં આવે છેવાહનની વેચાણ કિંમત અને ખરીદ કિંમત વચ્ચેનો તફાવત ઉપર અને નહીં કે વાહનની કુલ કિંમત ઉપર. માલવીયાએ X ઉપર જણાવ્યું હતું કે,“જો માર્જિન નેગેટિવ હોય, તો કોઈ GST ચૂકવવાપાત્ર નથી. નવી કાર બજાર સમાન સમયગાળા દરમિયાન ૧%થી ૬%ની ખૂબ ધીમી ગતિએ વધવાની અપેક્ષા છે.

# ગુરૂગ્રામ મેટ્રો કોરિડોરના વિસ્તરણનું કામ મે મહિનામાં શરૂ થશે, તે સેક્ટર-૨૨ અને સાયબર સિટીને જોડશે

ગુરૂગ્રામ, તા.૩

ગુરૂગ્રામ મેટ્રો રેલ પ્રોજેક્ટનું વિસ્તરણ આવતા વર્ષે મેમાં શરૂ થશે. હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ચાર વર્ષની સમયમર્યાદાની જાહેરાત કરી છે. આ વિસ્તરણનો હેતુ મિલેનિયમ સિટી સેન્ટરને રેલવે સ્ટેશન, સેક્ટર-૨૨ અને સાયબર સિટી સાથે જોડવાનો છે, જે ૨૮.૫૦ કિમીમાં છે અને તેમાં ૨૭ સ્ટેશનનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં પૂર્વ મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટર દ્વારા મંજૂર કરવામાં આવેલ, આ પ્રોજેક્ટથી શહેરમાં ટ્રાફિકની ભીડ ઘટાડીને ઈકો-ફ્રેન્ડલી, કાર્યક્ષમ પરિવહન પ્રદાન કરવાની અપેક્ષા છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ હરિયાણાના રેવાડી ખાતે એક રેલીમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂગ્રામ મેટ્રો વિસ્તરણ પ્રોજેક્ટ સહિત રાજ્યમાં અનેક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. હરિયાણા સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે મેટ્રોના વિસ્તરણ માટે કુલ રૂા.૫,૪૫૨.૭૨ કરોડ ફાળવવામાં આવ્યા હતા. કેન્દ્ર દ્વારા રૂા.૮૯૬.૧૯ કરોડનું યોગદાન આપવામાં આવશે, જ્યારે રૂા.૪,૫૫૬.૫૩ કરોડનું ભંડોળ હરિયાણા સરકાર દ્વારા આપવામાં આવશે. આ પ્રોજેક્ટ શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને વિકાસને પ્રોત્સાહન આપવા રાજ્યની પ્રતિબદ્ધતા છે. આ મત બહુપક્ષીય ભંડોળ, ખાસ કરીને વિશ્વ બેંક પાસેથી મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નવી મેટ્રો લાઈનમાં ૨૭ સ્ટેશનોનો સમાવેશ થશે, જેમાંથી આઠને મોડલ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે. મુસાફરોની સુવિધા વધારવા માટે સ્ટેશનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. તે સ્ટાન્ડર્ડ ગેજ ઉપર કામ કરશે અને કોમ્યુનિકેશન-બેઝ્ડ ટ્રેન કંટ્રોલ (CBTC) સિગ્નલિંગનો ઉપયોગ કરશે, જે ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપ હશે. રાજ્ય સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે શરૂઆતમાં, ટ્રેનો ત્રણ કોચ સાથે દોડશે, જે મુસાફરોની માંગ વધવાથી છ સુધી વધારી શકાય છે. આધુનિક મેટ્રો નેટવર્ક્સમાં ઉપયોગમાં લેવાતી CBTC સિસ્ટમ, ટ્રેનની હિલચાલના ચોક્કસ નિયંત્રણને સક્ષમ કરીને સલામતી અને કાર્યક્ષમતામાં વધારો કરે છે. આ પ્રોજેક્ટને વિકાસને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે વાહનોના પરિવહન માટે ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ ઓફર કરે છે, જે હાલમાં ગુરૂગ્રામના પ્રદૂષણ સ્તરમાં નોંધપાત્ર વધારો કરે છે. કનેક્ટિવિટીને વધુ સુવ્યવસ્થિત કરવા માટે પ્રોજેક્ટમાં પાંચ અંડરપાસ અને ફ્લાયઓવરનો સમાવેશ થશે. હરિયાણા અને કેન્દ્ર સરકાર બંનેએ પહેલાથી જ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR)ને મંજૂરી આપી દીધી છે. પ્રથમ તબક્કામાં મિલેનિયમ સિટી સેન્ટરથી સેક્ટર ૯ અને ૧૦૧ દ્વારકા સુધીનો ૧૩ કિમીનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. આવતા મહિને ૩૧ જાન્યુઆરી સુધીમાં ટેન્ડરો બહાર પાડવામાં આવશે, તેવી જ રીતે સેક્ટર-૯થી સાયબર સિટી સુધીના બીજા ૧૩ કિમીના બીજા તબક્કામાં ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કાની જીઓટેક્નિકલ તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને સિવિલ, આર્કિટેક્ચરલ અને ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ (E&M) ઉપર પ્રારંભિક કાર્ય શરૂ થઈ ગયું છે. ડેપોના બાંધકામ અને અન્ય મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ માટે ટૂંક સમયમાં સલાહકારની નિમણૂક કરવામાં આવશે. હરિયાણા સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ઘણા કારણોસર પ્રોજેક્ટ ઉપર કામ વિલંબિત થયું હતું. ગુરૂગ્રામ મેટ્રો રેલ લિમિટેડ (GMRL)એ સ્ટેશન લેઆઉટ અને વાયડક્ટ્સ બનાવવા માટે વિગતવાર ડિઝાઈન સલાહકાર (DDC)ને રાખવાના હતા. વિધાનસભા ચૂંટણીની આદર્શ આચારસંહિતાના કારણે પ્રક્રિયામાં વિલંબ થયો હતો. આ પહેલા રૂટની ગોઠવણીમાં ફેરફારને કારણે તેમાં વિલંબ થયો હતો, કારણ કે મેટ્રોના રૂટની ગોઠવણી ઘણી વખત બદલાઈ છે અને ડીપીઆરને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ થયો હતો. બિલ્ડરો આ મેટ્રો વિસ્તરણ પ્રોજેક્ટના પ્રારંભને રિયલ્ટી માર્કેટ માટે ગેમચેન્જર તરીકે જૂએ છે. BPTP ખાતે વેચાણના વરિષ્ઠ વાઈસ પ્રેસિડેન્ટ હરિન્દર ધિલ્લોને જણાવ્યું હતું કે, ગુરૂગ્રામ મેટ્રોનું વિસ્તરણ શહેરના રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપ માટે ગેમ-ચેન્જર છે. આ કનેક્ટિવિટી મેટ્રો કોરિડોર સાથે રહેણાંક અને વ્યાપારી મિલકતોની માંગમાં નોંધપાત્ર વધારો કરશે. આલ્ફાકોર્પના સીએફઓ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંતોષ અગ્રવાલે ગુરૂગ્રામમાં મેટ્રોના વિસ્તરણ અંગેની મુખ્યમંત્રીની જાહેરાતનું સ્વાગત કરતા કહ્યું કે, ૨૮.૫ કિમીનો મેટ્રો લૂપ હુડા સિટી સેન્ટર, સાયબર સિટી અને પાલમ વિહાર જેવા મુખ્ય વિસ્તારોને જોડશે જે એક પરિવર્તનશીલ પગલું છે અને તે શહેરી ગતિશીલતા અને સુલભતા વધારશે. ગુરૂગ્રામ હોમબાયર્સ એસોસિએશનના પદાધિકારી એડવોકેટ રિતુ ભરિયોકે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ આવકારદાયક છે, તેમ છતાં રહેવાસીઓને ડર છે કે જો પ્રોજેક્ટ ઝડપથી પૂરો નહીં થાય, તો શહેરના રસ્તાઓ બ્લોક થઈ જશે. મે મહિનામાં કામ શરૂ થશે અને ચોમાસા દરમિયાન તે અટકી જશે. એકવાર વરસાદ સમાપ્ત થયા પછી વાયુ પ્રદૂષણ માટેના GRAP ધોરણોને કારણે કામ ફરીથી અટકી જશે. ભારે ટ્રાફિકને કારણે રહેવાસીઓ પહેલાથી જ સાંકડા રસ્તાઓ પર ટ્રાફિનો સામનો કરી રહ્યા છે તેઓએ વધુ સહન કરવું પડશે. ભરિયોકે જણાવ્યું હતું કે સરકારે ખાતરી કરવી જોઈએ કે કામ ચોવીસ કલાક ચાલુ રહે અને પ્રોજેક્ટને GRAP માર્ગદર્શિકામાંથી મુક્તિ આપવી જોઈએ જેથી તે સમયસર પૂર્ણ થઈ શકે.

# ટૂરિસ્ટ વિઝાનો રેકોર્ડ : અમેરિકાએ ૨૦૨૪માં ભારતીયોને ૧૦ લાખથી પણ વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા આપ્યા




નવી દિલ્હી, તા.૩

અમેરિકાએ સતત બીજા વર્ષે ભારતીયોને ૧૦ લાખથી વધુ નોન-ઈમિગ્રન્ટ વિઝા જારી કર્યા છે, જેમાં વિઝિટર વિઝાની રેકોર્ડ સંખ્યાનો સમાવેશ થાય છે, જે પ્રવાસન, વ્યવસાય અને શિક્ષણ માટે યુ.એસ.ની મુસાફરીની વિશાળ માંગ દર્શાવે છે. છેલ્લા ચાર વર્ષમાં ભારતમાંથી મુલાકાતીઓની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે અને ૨૦૨૪ના પ્રથમ અગિયાર મહિનામાં ૨૦ લાખથી વધુ ભારતીયોએ યુ.એસ.નો પ્રવાસ કર્યો છે, જે ૨૦૨૩ના સમાન સમયગાળાની સરખામણીમાં ૨૬ ટકાનો વધારો છે. ભારતમાં યુએસ એમ્બેસીએ જણાવ્યું હતું કે, ૫૦ લાખથી વધુ ભારતીયો પાસે પહેલેથી જ યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લેવા માટે નોન-ઈમિગ્રન્ટ વિઝા છે અને દરરોજ મિશન હજારો વિઝા ઈશ્યુ કરે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે આ વર્ષે યુનાઈટેડ સ્ટેટ્સમાં H-1B વિઝાના નવીકરણ માટે એક સફળ પાયલોટ પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે. ભારતમાં યુએસ એમ્બેસીના નિવેદન અનુસાર આનાથી ભારતના ઘણા વિશેષતા વ્યવસાયિક કામદારોને યુએસ છોડ્યા વિના તેમના વિઝા રિન્યૂ કરવાની તક મળી છે. રાજ્ય વિભાગ ૨૦૨૫માં ઔપચારિક રીતે યુએસ-આધારિત નવીકરણ કાર્યક્રમ બનાવવા માટે કામ કરી રહ્યું છે. ભારતમાં યુએસ મિશને હજારો ઈમિગ્રન્ટ વિઝા જારી કર્યા છે, જે કાયદેસર કૌટુંબિક પુર્નઃમિલન અને કુશળ વ્યાવસાયિકોના સ્થળાંતરની સુવિધા આપે છે. આ ઈમિગ્રન્ટ વિઝા ધારકો તેમના આગમન પર કાયમી નિવાસી બની ગયા છે. આ નિવેદન અનુસાર ભારતમાં યુએસ મિશને ભારતમાં રહેતા અને મુસાફરી કરતા અમેરિકન નાગરિકોને ૨૪,૦૦૦થી વધુ પાસપોર્ટ અને અન્ય કોન્સ્યુલર સેવાઓ પ્રદાન કરી છે. સ્માર્ટ ટ્રાવેલર એનરોલમેન્ટ પ્રોગ્રામ (STEP)નું નવું વર્ઝન ૨૦૨૪માં શરૂ કરવામાં આવ્યું હતું, જે એમ્બેસી અને કોન્સ્યુલેટ માટે કટોકટી દરમ્યાન યુએસ નાગરિકોનો સંપર્ક કરવાનું અને તેમને સલામતી અને સુરક્ષા ચેતવણીઓ મોકલવાનું સરળ બનાવે છે. દર અઠવાડિયે હજારો ઈન્ટરવ્યુ માફી-પાત્ર નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીઓની પ્રક્રિયામાં વધારો થવાથી ભારતીયો માટે તેમના નોન-ઈમિગ્રન્ટ વિઝા રિન્યુ કરવાનું પહેલા કરતાં વધુ ઝડપી અને સરળ બન્યું છે. આ કામગીરીને સુવ્યવસ્થિત કરીને અને વૈશ્વિક કોન્સ્યુલર સંસાધનોનો ઉપયોગ કરીને, યુએસ મિશન વ્યક્તિગત ઈન્ટરવ્યુ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેના પોતાના સંસાધનોને રીડાયરેક્ટ કરી રહ્યું છે જેના લીધે તમામ અરજદારો માટે રાહ જોવાનો સમય ઘટી રહ્યો છે. પહેલા કરતાં વધુ ભારતીય વિદ્યાર્થીઓને હવે યુએસ સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા છે. ભારતમાં યુએસ એમ્બેસીએ નોંધ્યું હતું કે, આ મુલાકાતીઓ હવે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહી શકશે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમના પ્રોગ્રામ્સ પૂર્ણ કર્યા પછી બે વર્ષ સુધી ઘરે પાછા ફરવાની જરૂર રહેશે નહીં, તેમને તેમની કારકિર્દી અને શિક્ષણને આગળ વધારવા માટે વધુ તકો પ્રદાન કરશે. એક્સચેન્જ વિઝિટર સ્કીલ્સ લિસ્ટમાંથી ભારતને દૂર કરવાથી ભારતીય J-1 નોન-ઈમિગ્રન્ટ વિઝા ધારકોને વધુ રાહત મળી છે. ભારતમાં યુએસ મિશન દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા અને કોન્સ્યુલર સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# IIT પ્લેસમેન્ટ સીઝન ૨૦૨૪-૨૫માં ભરતી કરનાર જાહેર ઉપક્રમોં અને આંતરરાષ્ટ્રીય ઓફરોમાં નોંધપાત્ર વધારો

નવી દિલ્હી, તા.૩

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IITs)માં ૨૦૨૪-૨૫ પ્લેસમેન્ટ સીઝનનો પ્રારંભ થયો છે જેમાં મોટી સંખ્યામાં કંપનીઓએ કેમ્પસ ભરતીમાં ભાગ લીધો છે, આંતરરાષ્ટ્રીય ઑફર્સમાં વધારો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) તેમની હાજરીમાં વધારો કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારત પેટ્રોલિયમ, બજાજ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી ટોચની કંપનીઓ સાથે સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ જેવા કોર એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં પ્લેસમેન્ટ ઑફર્સ નોંધપાત્ર રીતે વધી રહી છે. છેલ્લી પ્લેસમેન્ટ સીઝન (૨૦૨૩-૨૪) દરમિયાન IITs દ્વારા જોબ ઓફર્સમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યા પછી આ વખતે સ્થિતિ સુધરી છે પરંતુ કેટલીક ચિંતાઓ પણ છે. ધ પ્રિન્ટે બોમ્બે અને મદ્રાસના IIT કેમ્પસમાં જે વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી તેમણે કહ્યું હતું કે ગયા વર્ષની સરખામણીમાં સરેરાશ પગારમાં થોડો ફેરફાર થયો છે. કેટલીક IITએ તેમના વિદ્યાર્થીઓ માટે રેકોર્ડબ્રેક ઓફરની જાહેરાત કરી છે. IIT ખડગપુરમાં અત્યાર સુધીની સૌથી વધુ ઓફર ૨.૧૪ કરોડ રૂપિયાની છે, જ્યારે IIT (બનારસ હિન્દુ યુનિવર્સિટી) વારાણસીમાં આ આંકડો ૧.૬૫ કરોડ રૂપિયા છે. બંને સંસ્થાઓએ આ ઓફરો આપનાર કંપનીઓના નામ જાહેર કર્યા નથી. અહેવાલો અનુસાર, IIT-મદ્રાસના એક વિદ્યાર્થીને પ્રતિષ્ઠિત વોલ સ્ટ્રીટ ફર્મ દ્વારા રૂા.૪.૩ કરોડની વધુ નોંધપાત્ર ઓફર આપવામાં આવી છે. જો કે, સંસ્થાએ હજુ સુધી સત્તાવાર રીતે વિગતોની પુષ્ટિ કરી નથી. IIT વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસ ભરતીમાં ઉચ્ચ પગારના પેકેજો આપવામાં આવે છે, જેમાં કેટલીક ઓફર કરોડોમાં છે. ઉદાહરણ તરીકે ગયા વર્ષે, IIT બોમ્બેએ નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું હતું, જ્યારે એક વિદ્યાર્થીને સંસ્થાની અત્યાર સુધીની સૌથી વધુ રૂા.૩.૭ કરોડની આંતરરાષ્ટ્રીય નોકરીની ઓફર મળી હતી. IITજ ૨૦૨૩-૨૪ પ્લેસમેન્ટ સીઝન આર્થિક મંદીથી નોંધપાત્ર રીતે પ્રભાવિત થઈ હતી, ઘણી સંસ્થાઓએ જોબ ઑફર્સમાં તીવ્ર ઘટાડો કર્યો હતો અને મોટાભાગના લોકોએ ગયા વર્ષે પ્લેસમેન્ટની વિગતો જાહેર કરી ન હતી, સપ્ટેમ્બરમાં IIT બોમ્બે દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે પાછલા વર્ષોની તુલનામાં ઓછા વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ મેળવ્યું હતું, જ્યારે સૌથી નીચો પગાર પેકેજ ઘટીને માત્ર ૪ લાખ રૂપિયા થઈ ગયું હતું. આ વર્ષે, જો કે પ્લેસમેન્ટ્સ આશાસ્પદ રીતે મજબૂત સંકેત આપે છે. આ વર્ષે આ વધારો ગત વર્ષની સરખામણીમાં વધુ આશાવાદી બજારના દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે, જેમાં ભરતી કરનારાઓની ભાગીદારીમાં વધારો અને ઉચ્ચ આંતરરાષ્ટ્રીય ઑફર્સ પણ છે. IIT કાનપુરમાં, ૨૦૨૪-૨૫ની સ્નાતક બેચ માટે ભરતીનો પ્રથમ તબક્કો ૧,૧૦૯ ઑફર્સ સાથે પૂર્ણ થયો છે. સંસ્થાના એક વરિષ્ઠ અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, આમાંથી ૧,૦૩૫ ઓફર વિદ્યાર્થીઓ દ્વારા સ્વીકારવામાં આવી હતી, જેમાં ૨૫૦થી વધુ કંપનીઓએ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL), નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) જેવી અગ્રણી સંસ્થાઓ ભરતી ઝુંબેશમાં જોડાવા સાથે IITજ સાથે PSUsની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો છે. આ તબક્કામાં મુખ્ય ઉદ્યોગોમાં પ્લેસમેન્ટમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. BPCL આ કેટેગરીમાં ટોચની ભરતી કરનાર છે. IITજમાં પ્લેસમેન્ટ સીઝન સામાન્ય રીતે ડિસેમ્બરથી મે સુધી ચાલે છે, જેમાં પ્લેસમેન્ટની સંખ્યા અને પગાર પેકેજની અંતિમ માહિતી મે મહિનામાં જ ઉપલબ્ધ થાય છે. વિદ્યાર્થીઓએ ભરતી કરનારની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે, ત્યારે તેઓએ ધ્યાન દોર્યું છે કે સરેરાશ પગારમાં માત્ર ન્યૂનતમ ફેરફાર થયો છે. આ વર્ષે પ્લેસમેન્ટ ગયા વર્ષ કરતાં ચોક્કસપણે સારી છે. અમને રિક્રુટર્સ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે, જેમાં ઘણી કંપનીઓ ડબલ ડિજિટમાં ભરતી કરે છે. જો કે, સરેરાશ પગારમાં નોંધપાત્ર વધારો થયો નથી. તે અગાઉના વર્ષોની જેમ સમાન છે. IIT બોમ્બેના એક વિદ્યાર્થીએ કહ્યું કે ઓફર કરવામાં આવતા સરેરાશ પેકેજો ઉચ્ચ નથી. ગયા વર્ષે IIT બોમ્બેમાં સરેરાશ પગાર આશરે રૂા.૧૭.૯૨ લાખ હતો. આ વખતે તેમાં બહુ સુધારો થયો નથી. પરંતુ અમે આશા રાખીએ છીએ કે બીજા તબક્કામાં ઓફર કરવામાં આવતા પેકેજોમાં વધારો થશે. ઘણી IITએ ઑફર્સનો ડેટા જાહેર કર્યો છે. દાખલા તરીકે IIT દિલ્હીમાં વિદ્યાર્થીઓએ ૧,૨૦૦થી વધુ નોકરીની ઑફરો મેળવી છે, જેમાં પ્રી-પ્લેસમેન્ટ ઑફર્સ (PPO)નો સમાવેશ થાય છે, જેમાં લગભગ ૧,૧૫૦ વ્યક્તિગત વિદ્યાર્થીઓને અનન્ય રીતે પસંદ કરવામાં આવ્યા છે. આ તબક્કામાં વિદ્યાર્થીઓને જાપાન, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા, તાઈવાન, UAE, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ સહિત વિવિધ વૈશ્વિક પ્રદેશોમાં 15+ પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી 50+આંતરરાષ્ટ્રીય ઑફર્સ પણ પ્રાપ્ત થઈ છે. IIT દિલ્હીના જણાવ્યા અનુસાર આ વર્ષે કેમ્પસમાં અત્યાર સુધીમાં વધુ રિક્રૂટર્સમાં અમેરિકન એક્સપ્રેસ, બાર્કલેઝ, બીસીજી, બ્લુસ્ટોન જ્વેલરી અને લાઈફસ્ટાઈલ, ડોઈશ ઈન્ડિયા, ગોલ્ડમેન સૅક્સ, ગૂગલ, ગ્રેવિટોન રિસર્ચ કેપિટલ, ઈન્ટેલ ઈન્ડિયા, મીશો, માઈક્રોસોફ્ટ, માઈક્રોસોફ્ટનો સમાવેશ થાય છે. IIT દિલ્હીની ઑફિસ ઑફ કૅરિયર સર્વિસિસ (OCS)ના પ્રોફેસર-ઈન-ચાર્જ નરેશ વર્મા દતલાએ જણાવ્યું હતું કે અમારી સંસ્થાએ ખૂબ જ સારી શરૂઆત કરી છે. અમે માનીએ છીએ કે આગામી દિવસોમાં પણ આવો જ ટ્રેન્ડ ચાલુ રહેશે. અમે પ્લેસમેન્ટ માટે હાજર રહેલા વિદ્યાર્થીઓ માટે આવનારા દિવસોમાં કંપનીઓ અને જોબ પ્રોફાઈલ્સની શ્રેણીને વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. IIT કાનપુર ખાતે વિદ્યાર્થીઓની પ્લેસમેન્ટ ઓફિસના અધ્યક્ષ રાજુ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, મુખ્ય ઉદ્યોગો અને આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટમાં ઓફર્સમાં નોંધપાત્ર વધારો થયો છે. અમે બીજા તબક્કા દરમિયાન વધુ વૃદ્ધિ માટે આશાવાદી છીએ, જે જાન્યુઆરી ૨૦૨૫ના મધ્યમાં શરૂ થશે. IIT ખડગપુર ખાતે પ્લેસમેન્ટ પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં પ્રથમ ત્રણ દિવસમાં ૧,૦૦૦થી વધુ ઑફરો કરવામાં આવી હતી, જેમાં પ્રથમ દિવસે સૌથી વધુ પેકેજ રૂા.૨.૧૪ કરોડનું હતું. તેવી જ રીતે IIT BHU ખાતે પ્રી-પ્લેસમેન્ટ ઑફર્સ અને પેઈડ ઈન્ટર્નશિપ્સ સહિત કુલ ૧,૦૧૦ ઑફર્સ હતી. બોમ્બે અને મદ્રાસ સહિત અન્ય હજુ સુધી પ્રારંભિક તબક્કા માટે સત્તાવાર પ્લેસમેન્ટ ડેટા જાહેર કર્યો નથી. અનેક IITના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે આંતરરાષ્ટ્રીય ઑફર્સમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. IIT કાનપુરે વૈશ્વિક નોકરીદાતાઓ દ્વારા ભરતીમાં નોંધપાત્ર ૨૭ ટકાનો વધારો નોંધાવ્યો હતો, જેમાં ૨૮ વિદ્યાર્થીઓએ વિદેશમાં નોકરી મેળવી હતી. IIT ખડગપુરમાં ટ્રેડિંગ, સોફ્ટવેર, એનાલિટિક્સ, ફાઈનાન્સ, બેંકિંગ અને કન્સલ્ટિંગ સહિત વિવિધ ઉદ્યોગોમાં ટોચની કંપનીઓમાંથી ભરતીમાં વધારો જોવા મળ્યો છે. સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ જે ઓફરો કરવામાં આવી રહી છે તે ગયા વર્ષ કરતાં વધુ છે. અમે પ્લેસમેન્ટ સીઝન સંપૂર્ણપણે સમાપ્ત થયા પછી જ અંતિમ તુલનાત્મક ડેટા જાહેર કરીશું.



### આજ તા.૩ થી ૫ જાન્યુઆરી દરમ્યાન

# દેશમાં સૌ પ્રથમવાર જામનગર ખાતે 'દરિયાકાંઠાના-કિચડીયા પક્ષી' ગણતરીનો પ્રારંભ

## મરીન નેશનલ પાર્ક- મરીન સેન્ચુરી વિસ્તારમાં આશરે ૩૦૦થી વધારે પ્રજાતિના સ્થાનિક-યાયાવર પક્ષીઓનું રહેઠાણ






(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૩

દેશમાં સૌ પ્રથમવાર મરીન નેશનલ પાર્ક- મરીન સેન્ચુરી જામનગર ખાતે આજ તા. ૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન દરિયાકાંઠાના તેમજ કિચડીયા પક્ષીઓની ગણતરી-સેન્સસ યોજાનાર છે. દરિયાકાંઠાના પક્ષીઓ માટે સ્વર્ગ સમાન એવા જામનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં કિચડીયા પક્ષીઓ તેમજ દરિયા કિનારાનાં પક્ષીઓની ગણતરી કરવામાં આવશે. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં પહેલા દિવસે વન અને વન્યજીવ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા તજજ્ઞોના વકતવ્યો, બીજા દિવસે પક્ષીઓની ગણતરીનું આયોજન તેમજ ત્રીજા દિવસે નોલેજ શેરીંગ અને સમાપન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી પણ પક્ષી પ્રેમીઓ, તજજ્ઞો અને સંશોધકો ઉપસ્થિત રહેશે.

સમગ્ર વિશ્વમાં ગુજરાત અનેક જૈવવિવિધતા માટે જાણીતું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ વન - પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની આગેવાનીમાં વન વિભાગ દ્વારા પર્યાવરણ-જળચર સંરક્ષણ માટે અભૂતપૂર્વ કામગીરી કરવામાં આવી છે જેના પરિણામે ગુજરાતે આજે દેશભરમાં વન-પર્યાવરણ ક્ષેત્રે આગવી ઓળખ સ્થાપિત કરી છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વન વિભાગ અને બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત-BCSGના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવશે. BCSG પક્ષીઓ માટે છેલ્લાં ૨૫ વર્ષથી ગુજરાતમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા છે. જે પક્ષીઓનું સંરક્ષણ, ગણતરી, નિરીક્ષણ તથા પક્ષીઓ પાછળનું વિજ્ઞાન અને તે અંગેની જન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો કરે છે.

ગુજરાતમાં આવેલું મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરી ભારતનો સૌ પ્રથમ જાહેર કરવામાં આવેલ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન છે. રાજયના દેવભૂમિ દ્વારકા, જામનગર અને મોરબી એમ ત્રણ જિલ્લામાં વિસ્તરેલ મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં ઓખાથી નવલખી સુધી અંદાજીત ૧૭૦ કિ.મી. લાંબા દરિયાકાંઠા અને ૪૨ ટાપુઓનો સમાવેશ થાય છે. કચ્છના અખાતમાં આવેલા આ પ્રોટેક્ટેડ એરીયાને અહીં જોવા મળતી દરિયાઈ જીવસૃષ્ટિ અને ચેર -મેન્ગ્રુવના સંવર્ધન અને સંરક્ષણના મુખ્ય ઉદ્દેશ્યથી જાહેર કરવામાં આવ્યો છે. આ ભારતમાં એકમાત્ર સ્થળ છે જ્યાં ઓટના સમય દરમિયાન પગપાળા પ્રવાસ કરીને દરિયાઈ જીવસૃષ્ટિનું અવલોકન કરી શકાય છે. જ્યારે અન્ય સ્થાનો ઉપર સ્કુબા ડાઈવીંગ કરવી અનિવાર્ય બની જાય છે.

મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીમાં આલ્ગી, દરિયાઈ શેવાળ, વાદળી, સખત અને નરમ પરવાળા, ડોલ્ફીન, કાચબા, ડુગોંગ, પોરપોઈઝ, વિવિધ જાતિના કરચલાં, પફરફીશ, સ્ટારફીશ, બ્રિટલ સ્ટાર, ઓક્ટોપસની સાથે ચેરની વિવિધ પ્રજાતિઓનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર ભૌગોલિક દ્રષ્ટિએ સેન્ટ્રલ એશિયન ફલાયવેનો ભાગ હોવાથી આ વિસ્તારનું પક્ષી વૈવિધ્ય પણ ખૂબ જ સમૃદ્ધ છે. સેન્ટ્રલ એશિયન ફલાયવે (મધ્ય એશિયાઈ ઉડ્ડયનમાર્ગ) એ યુરોપ -એશિયામાં આર્કટીક અને હિન્દ મહાસાગર પર ફેલાયેલો છે. જેમાં ખાસ કરીને ઉત્તરે સાઈબેરીયાના બ્રિડીંગ ગ્રાઉન્ડસ-પક્ષીઓ પ્રજનન માટે ઉપયોગમાં લેતા વિસ્તારથી લઈને દક્ષિણ-પશ્ચિમી એશિયા, માલદિવ્સ અને બ્રિટીશ ઈન્ડીયન ઓશન ટેરેટરીમાં આવેલા નોન બ્રિડીંગ-વિન્ટર ગ્રાઉન્ડસ એટલે કે, શિયાળો પસાર કરવા માટેના વિસ્તારોનો સમાવેશ થાય છે. યાયાવર પક્ષીઓ ખાસ કરીને વોટર બર્ડસ-પાણીના પક્ષીઓ તેઓના વાર્ષિક પ્રવાસ દરમ્યાન આ ફલાય વે મારફતે અનેક દેશો પરથી પસાર થઈને તેમનો પ્રવાસ પૂર્ણ કરે છે.

**પક્ષી જગતમાં જામનગરનું અનેરૂ મહત્ત્વ**

સ્થાનિક અને વિદેશી પક્ષીઓ માટે ગુજરાતનો જામનગર જિલ્લો રાષ્ટ્રીયકક્ષાએ ખૂબ અનેરુ મહત્વ ધરાવે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં પક્ષીઓ આ સમૃદ્ધ વિસ્તારોમાં વિહરતા જોવા મળે છે. આ વિસ્તારમાં આવેલા જળપ્લાવિત વિસ્તારો, લાંબી દરિયાઈ પટ્ટી, ડુંગરાળ અને ઘાસના વિસ્તારો, જળાશયો અને સોલ્ટ પાન પક્ષીઓને રેહઠાણ-ખોરાક માટેની આદર્શ પરિસ્થિતિ પુરી પાડતા હોવાથી તેમના માટે આ વિસ્તાર સ્વર્ગ સમાન છે.

વર્ષોથી અહિયાં વિચરતા કિચડિયા- **WADERS** પક્ષીઓ જામનગર માટે આભૂષણ સમાન છે. જામનગરમાં આશરે ૩૦૦ થી વધારે સ્થાનિક અને પ્રવાસી પક્ષીઓ જોવા મળે છે. માત્ર કિચડીયા પક્ષીઓની ૫૦ થી વધારે પ્રજાતીઓ જોવા મળે છે. એમાં પણ 'શંખલો- **Crab plover**', 'મોટો કિચડિયો - **Great Knot**' જેવા પક્ષીઓ દેશમાં અન્યત્ર ખૂબ જ ઓછા જોવા મળે છે, જ્યારે જામનગરમાં વિપુલ પ્રમાણમાં જોવા મળતા હોય છે. જેના ફળસ્વરૂપે ખીજડિયા પક્ષી અભયારણ્ય,નરારા અને અન્ય વિસ્તારો પક્ષી પ્રેમીઓ, સંશોધકો અને પ્રવાસીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. માત્ર કિચડિયા પક્ષીઓની ગણતરીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોય તેવો આ પ્રથમ પ્રયાસ બની રહેશે.

**પક્ષી ગણતરી**

રાજ્ય સરકાર દ્વારા પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે અનેકવિધ કાર્યો કરવામાં આવી રહ્યાં છે. સ્થાવર પક્ષી તેમજ વિશ્વભરમાંથી આવતા યાયાવર પક્ષીઓની વિવિધ પ્રજાતીઓની ઓળખ, તેમની સંખ્યા વગેરેની માહિતી મેળવવા વન વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પક્ષી વસ્તી અંદાજ પણ કરવામાં આવે છે. જેના થકી સંપૂર્ણ માહિતી મેળવી પક્ષીઓના યોગ્ય સંરક્ષણ અને સંવર્ધન માટેના નિર્ણય લેવામાં આવે છે. આ ઉપરાંત પક્ષીઓના વસવાટ માટેના નવા વિસ્તારોની ઓળખ, પક્ષીઓની વિવિધ પ્રજાતિઓની ઉપસ્થિતી વિશેની માહિતી, તેમની સંખ્યા, વસ્તી ગીચતા અને આવાગામન માટેનો યોગ્ય સમય જેવા વિવિધ પાસાઓને પણ આવરી લેવામાં આવે છે.

# ગુજરાતમાં ફૂટબોલ: બદલાતું પરિદ્રશ્ય : પરિમલ નથવાણી

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૩

ફૂટબોલ, કે જેને 'સુંદર રમત' તરીકે ઓળખવામાં આવે છે તેણે ભારતમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, ગુજરાતમાં પણ ફૂટબોલ ક્ષેત્રે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બહુ સારું કામ થઈ રહ્યું છે. ગુજરાતમાં ફૂટબોલના વિકાસમાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન **(GSFA)**, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત **(SAG)**, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન **(AIFF)**, ખાનગી કલબો, જિલ્લા ફૂટબોલ એસોસિએશનો અને કોર્પોરેટ કંપનીઓ તથા ખાનગી ઉદ્યમીઓનું બહુ મોટું પ્રદાન છે.

ગુજરાતમાં ફૂટબોલની વૃદ્ધિ માટે મુખ્ય કારણો પૈકી એક એ છે કે રાજ્યમાં ગ્રાસરૂટ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. **GSFA**એ યુવા સ્તરે ફૂટબોલ પ્રમોટ કરવાની મહત્વની ભૂમિકા અદા કરી છે, ખાસ કરીને બ્લૂ કબ્સ પ્રોગ્રામ મારફતે. હાલમાં પૂર્ણ થયેલી બ્લૂ કબ્સ કલબ ચેમ્પિયનશિપ અમદાવાદના સેન્ટ લોયાલા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ, જેમાં ૨૩ ટીમોએ ભાગ લીધો, જેમાં રાજયના વિવિધ જિલ્લા ફૂટબોલ એસોસિએશનોમાંથી ૭ ટીમો હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં **GSFA** દ્વારા યોજાયેલી રાજ્ય બ્લૂ કબ્સ લીગ માં ૨૩ જિલ્લા એસોસિએશનોમાંથી ૩૮૮ ટીમો પ્રતિસ્પર્ધી હતી, આ લીગ આઠ વર્ષ, દસ વર્ષ અને બાર વર્ષથી નીચેનાં વય જૂથો માટે હતી. ૩૩ જુદાં જુદાં સ્થળોએ તેની મેચો રમાઈ અને ૪,૨૦૦ થી વધુ બાળ ખેલાડીઓએ તેમાં ભાગ લીધો. ૩૧૩ કોચ અને ૧૭૮ સંચાલક પ્રતિનિધિઓનું માર્ગદર્શનમાં આ લીગ રમાઈ. **GSFA** આ રીતે નવા ખેલાડીઓ ઊભા કરવા પણ મંચ પ્રદાન કરે છે.

ગુજરાતમાં ફૂટબોલના વ્યાવસાયિકરણ માટે **GSFA**એ ગુજરાત સુપર લીગ **(GSL)**નો પ્રારંભ કર્યો, જે ૨૦૨૪ના મેમાં શરૂ થઈ હતી. આ લીગમાં ગુજરાતના યુવા ઉદ્યોગપતિઓની માલિકીની છ ટીમો હતી, અને દરેક ટીમ પાંચ મેચો સિંગલ-લેગ ફોર્મેટમાં રમી. આ વ્યાવસાયિક ફૂટબોલ લીગની સ્થાપના ગુજરાતમાં વ્યાવસાયિક ફૂટબોલને વેગ આપવા માટેનું મહત્વપૂર્ણ પગલું છે. **GSFA** આ લીગને આગામી વર્ષોમાં વધુ વિસ્તૃત, વ્યાપક અને મજબૂત કરવાની યોજના ધરાવે છે. **GSFA** પુરૂષો અને મહિલાઓ માટે વિવિધ ઉંમર શ્રેણીમાં કલબ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે, આવા કાર્યક્રમો દ્વારા પણ કલબ ફૂટબોલ કલ્ચરના વિકાસનો ઉદ્દેશ્ય છે. રાજ્યની ફૂટબોલ કલબો અને અકાદમીઓ તરફથી બહુ સારો પ્રતિસાદ મળતો રહે છે.

ગુજરાતમાં ફૂટબોલની વૃદ્ધિ એ સૌની દરકારનો વિષય જરૂર છે, પરંતુ તેણે હજી પણ ક્રિકેટના સામનો કરવાનો છે કે જે ભારતની મુખ્ય રમત તરીકે પ્રભુત્વ ધરાવે છે. સમયાંતરે, ગુજરાતમાં વધુ મજબૂત ફૂટબોલ ઈકોસિસ્ટમ ઉપર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. આ માટે રાજ્યમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરની લીગોમાંનું આયોજન, કોચીંગની ગુણવત્તામાં સુધારો, બંધારણોનું અને ખેલાડીઓ, એસોસિએશનો, કલબોર વગેરેને આર્થિક પ્રોત્સાહન તથા અન્ય પ્રોત્સાહનોની જરૂર છે. આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સંસ્થાઓ સાથે ભાગીદારી મજબૂત કરીને વૈશ્વિક નિષ્ણાતોને ગુજરાતમાં બોલાવીને પણ રાજયના ફૂટબોલને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકાય છે.

અનેક પડકારો હોવા છતાં, ગુજરાતમાં ફૂટબોલનનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે. ગ્રાસરૂટ અંગેની પ્રાથમિકતાઓ અને પહેલો, વ્યાવસાયિક લીગો અને ખેલાડીઓના વિકાસ પ્રોગ્રામો થકી રાજયમાં ફૂટબોલના ભવિષ્ય માટે મજબૂત પાયો નંખાઈ ગયો છે. હાલમાં, **AIFF**ની કેન્દ્રિય નોંધણી



પ્રણાલી **(CRS)** હેઠળ **GSFA** ૧૦,૦૦૦ થી વધુ નોંધણી કરેલા ખેલાડીઓ ધરાવે છે, જેમાંથી ૫,૧૯૫ ખેલાડીઓ વધુ સક્રિય છે. ૨૦૨૩-૨૪ની સીઝનમાં ૪,૨૯૦ થી વધુ ખેલાડીઓ ૫૫૩ થી વધુ મેચો રમ્યા અને ૩,૨૫૫ થી વધુ ગોલ કર્યા. આ આંકડાઓ ગુજરાતમાં ફૂટબોલમાં વધતી રુચિ અને આકર્ષણ દર્શાવે છે.

અન્ય ક્ષેત્રોમાં જેમ ગુજરાત અગ્રેસર છે તેમ તેની પાસે ભારતમાં ફૂટબોલ હબ બનવાની સંભાવના પણ છે, રાજ્ય જેમ જેમ આ રમતનો વિકાસ થતો જશે તેમ તેમ તે નવી પેઢીના ખેલાડીઓ, ચાહકો અને સમર્થકો માટે એક તેજસ્વી ભવિષ્ય નિર્માણ કરશે.

# નવા વર્ષમાં ભારત લોન્ચ કરશે વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ

નવી દિલ્હી, તા.૩

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન **(ISRO)** નવા વર્ષમાં વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેને **ISRO** અને **NASA** દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ સેટેલાઈટ માર્ચમાં લોન્ચ થઈ શકે છે. તેની કિંમત ૧૨,૫૦૫ કરોડ રૂપિયા છે અને તે અત્યાર સુધીનો વિશ્વનો સૌથી મોંઘો ઉપગ્રહ હોવાનું કહેવાય છે. આ ઉપગ્રહ દર ૧૨ દિવસે પૃથ્વીની એક-એક ઈંચ જમીનને સ્કેન કરશે. આ સેટેલાઈટ ઈકોસિસ્ટમમાં ગડબડ અને સમગ્ર વિશ્વમાં બદલાઈ રહેલા હવામાનનું અવલોકન કરશે. એટલે કે તેની મદદથી પૃથ્વી પર આવનારી કુદરતી આફતોની ઘણી હદ સુધી અગાઉથી આગાહી કરી શકાશે.

આ સેટેલાઈટનું નામ નાસા ઈસરો સિન્થેટિક એપરચર રડાર **(NISAR)** રાખવામાં આવ્યું છે. તેનું વજન ૨,૬૦૦ કિગ્રા છે. **NASA** અને **ISRO** એ સપ્ટેમ્બર ૨૦૧૪માં **NISAR** મિશન પર સહયોગ કરવા અને આને લોન્ચ કરવા માટે એક ભાગીદારી કરી હતી. આ મિશનને વર્ષ ૨૦૨૪માં લોન્ચ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ કોરોના રોગચાળાને કારણે તેમાં વિલંબ થયો. નાસા આ મિશન માટે એલ-બેન્ડ સિન્થેટીક એપરચર રડાર, વિજ્ઞાન ડેટા માટે એક હાઈ રેટ કોમ્યુનિકેશન સબસિસ્ટમ, **GPS** રિસીવર, એક સોલિડ-સ્ટેટ રેકોર્ડર અને પેલોડ ડેટા સબસિસ્ટમ પ્રદાન કરી રહ્યું છે. એ જ રીતે, **ISRO** આ મિશન માટે અવકાશયાન, એસ-બેન્ડ રડાર, લોન્ચ વાહન અને સંબંધિત લોન્ચ સેવાઓ પ્રદાન કરી રહ્યું છે. આ સેટેલાઈટની કિંમત **$1.5** બિલિયન હોવાનો અંદાજ છે, જે તેને વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ બનાવે છે. તે ૫ થી ૧૦ મીટરના રિઝોલ્યુશન પર મહિનામાં બે કરતા વધુ વખત પૃથ્વીની જમીન અને બરફને અદ્યતન રડાર ઈમેજિંગનો ઉપયોગ કરીને મેપ કરશે. તે ધરતી, સમુદ્ર અને બરફની સપાટીને પણ મેપ કરશે અને નાનામાં નાની ગતિવિધિને પણ કેપ્ચર કરશે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે આના દ્વારા સપાટીની નીચે થઈ રહેલી ગતિવિધિઓને પણ સમજી શકીશું. આ સેટેલાઈટને **ISRO**ના **GSLV-MK** ૨ રોકેટ દ્વારા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. સેટેલાઈટમાં એલ-બેન્ડ અને એસ-બેન્ડ રડાર સિસ્ટમ લગાવવામાં આવી છે. એલ-બેન્ડ રડાર સપાટીની નાની હલનચલન શોધવામાં સક્ષમ છે જ્યારે ઈસરોનું એસ-બેન્ડ રડાર ઈમેજ રિઝોલ્યુશન વધારવાનું કામ કરશે. આ ઉપરાંત તેમાં ૩૯ ફૂટનું એન્ટેના રિફ્લેક્ટર લગાવવામાં આવ્યું છે, જે ગોલ્ડ પ્લેટેડ જાળીથી બનેલું છે. તે દરેક સમયે અને સિઝનમાં રિયલ ટાઈમ ડેટા પ્રદાન કરવામાં સક્ષમ હશે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ- સોમનાથ શૈક્ષણિક સંકુલમાં સેફટી એન્ડ ઈમરજન્સી રીસપોન્સ માટેની તાલીમ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સોમનાથ શૈક્ષણિક સંકુલમાં શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અનુદાનિત "સેફટી એન્ડ ઈમરજન્સી રીસપોન્સ" માટેની તાલીમ કાર્યક્રમ તા.૧/૧/૨૦૨૫ ને બુધવારના રોજ એમ.જે. સ્વામિનારાયણ હાઈસ્કૂલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ તેમજ શ્રી સ્વામિનારાયણ બી.એડ .કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને પ્રોજેક્ટ મેનેજર અલ્પેશભાઈ કનોડીયા, પ્રોજેકટ કો-ઓર્ડીનેટર વિરલભાઈ જોશી, માસ્ટર ટ્રેનર ઉર્મિલભાઈ પાઠક, ત્રિલોકકુમાર ઠાકર, અંબુજી ઠાકોર દ્વારા આપત્તિ સમયે કઈ રીતે બચી શકાય અને લોકોને કેવી રીતે બચાવી શકાય તે અંગે વાસ્તવિક પરિસ્થિતિમાં કામ આવતી જાણકારી અને કૌશલ્ય ઉપર ભાર મૂક્યો હતો. આકસ્મિત પરિસ્થિતિમાં જન સમુદાયને વધુ સુરક્ષિત તથા સજાગ બનાવવાની દિશામાં આ એક મહત્વ પૂર્ણ પગલું છે.આપત્તિ સમયે શું કાળજી રાખવી, દુર્ઘટના સમયે કેવા પ્રકારની સાવચેતી રાખવી, સ્વ-બચાવ સહિતની ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવેલ.

આ તકે શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ગીર સોમનાથ કો-ઓર્ડીનેટર નરેશભાઈ ગુંદરણીયા દ્વારા પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવેલ તેમજ આ સમગ્ર કાર્યક્રમનું કો-ઓર્ડીનેશન કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમ બાદ શાળા તથા કોલેજમાં અભ્યાસ કરતા ૮૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈઓ બહેનો અને સમગ્ર સ્ટાફ માટે ખુબ સુંદર રીતે સમૂહ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. સંસ્થા દ્વારા દરેક વિદ્યાર્થીઓને કીટ (બેગ, પેન, પેડ તથા બુક) આપવામાં આવેલ જેનું વિતરણ શા. સ્વા. ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી રામ સ્વરુપદાસજીના હસ્તે કરવામાં આવેલ શાળા તથા કોલેજનો સમગ્ર સ્ટાફગણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એચ. કે. ગજેરા દ્વારા કરવામાં આવેલ હતું.






# મુખ્યમંત્રીને મળતી ભેટ-સોગાદોના ઇ-ઓક્શન માટે ઓનલાઇન પોર્ટલ શરૂ કર્યાના ૩ મહિનામાં કન્યા કેળવણી નિધિમાં રૂા.૩૬.૯૭ લાખથી વધુ રકમ જમા થઈ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તોશાખાનામાં જમા થતી ભેટસોગાદોના વેચાણ માટે ૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઈ-પોર્ટલ શરૂ કર્યું હતું

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તેમજ રાજ્યની દીકરીઓને શિક્ષણ માટે આર્થિક સહાય આપવાના મુખ્ય ઉદ્દેશ સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રીને વર્ષ દરમ્યાન મળતી અને તોશાખાનામાં જમા થતી ભેટસોગાદોની હરાજી કરીને, તેના વેચાણમાંથી મળતી આવકને કન્યાઓના શિક્ષણ માટે ઉપયોગમાં લેવાની પરંપરા શરૂ કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એ જ પરંપરાને ટેક્નોલોજી સાથે જોડી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે તોશાખાનામાં જમા થતી ભેટ-સોગાદોના વેચાણ માટે ગત વર્ષે ૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું છે. આ પોર્ટલ ઉપર ઓક્શનના માધ્યમથી મળતી આવકનો ઉપયોગ કન્યા કેળવણી જેવા ઉમદા હેતુ માટે કરવામાં આવે છે, જે સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. નોંધનીય બાબત એ છે કે, આ પોર્ટલ લોન્ચ થયું ત્યારથી લઈને ડિસેમ્બર મહિના સુધીના ફક્ત ૩ મહિનાના સમયગાળામાં ૪૦૦થી પણ વધુ વસ્તુઓ હરાજી માટે મૂકવામાં આવી હતી, જે પૈકી ૧૮૧ વસ્તુઓના વેચાણ થકી રૂ.૩૬.૯૭ લાખથી વધુની રકમ કન્યા કેળવણી નિધિમાં જમા કરવામાં આવી છે.

**ઇ-પોર્ટલના માધ્યમથી દેશની કોઈપણ વ્યક્તિ હરાજીમાં ભાગ લઈ શકે છે**

મુખ્યમંત્રીને જાહેર સમારંભો તથા વિવિધ પ્રવાસ-મુલાકાતો દરમ્યાન મળતી ભેટ-સોગાદોનું પારદર્શક રીતે વેચાણ કરીને તેમાંથી મળતી આવકનો ઉપયોગ કન્યા કેળવણી જેવા ઉમદા હેતુ માટે ઉપયોગ કરવાની ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પરંપરાને વધુ વ્યાપક બનાવવા માટે ગત વર્ષે રાજ્ય સરકારે https://cmgujmemento. gujarat.gov.in ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું હતું. દેશના કોઈપણ ખૂણે વસતા લોકો આ પોર્ટલનો લાભ લઈને તોશાખાનાની ભેટ-સોગાદ ઈ-ઓકશનથી ઓનલાઈન ખરીદી શકે છે. ઉલ્લેખનીય છે કે, પહેલાં આવી ભેટ-સોગાદોનું વેચાણ રાજ્ય કક્ષાએ યોજાતા મેળાવડામાં જાહેર હરાજી દ્વારા તથા જિલ્લા કલેક્ટરો દ્વારા જે-તે જિલ્લામાં જાહેર હરાજીથી કરવામાં આવતું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં નાણાં વિભાગે તેને ડિજિટલ સ્વરૂપ આપતાં ઠરાવમાં જરૂરી સુધારા કર્યા હતા.

**ઇ-ઓક્શનથી ભેટ-સોગાદ ખરીદવાની પ્રક્રિયા શું હોય છે?**

ઈ-ઓક્શનથી ભેટ-સોગાદ ખરીદવા માટે ઈ-હરાજી પોર્ટલમાં ખરીદકર્તાએ નોંધણી કરાવવાની હોય છે અને ત્યારબાદ બિડ સબમિટ કરવાની હોય છે. ઊંચી કિંમતની બિડ પ્રાપ્ત કરનારને ડિજિટલ પેમેન્ટથી કન્યા કેળવણી નિધિમાં પેમેન્ટ કરવાનું હોય છે. ખરીદ કરેલી વસ્તુની ડિલિવરી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. (ગરવી) મારફતે સંબંધિત વ્યક્તિને પોસ્ટ દ્વારા કરવામાં આવે છે. N-Code GNFC દ્વારા તૈયાર કરાયેલ આ પોર્ટલમાં ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. (ગરવી)એ NIFTની મદદથી ભેટ-સોગાદોની ફોટોગ્રાફી સહિત વસ્તુઓની કેટેગરી પ્રમાણે વર્ગીકરણ તથા તમામ વસ્તુઓનું અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં વિસ્તૃત વર્ણન પણ આપ્યું છે.

**ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં રૂા.૩૬ લાખ ૯૭ હજારથી વધુ કન્યા કેળવણી નિધિમાં જમા થયા**

તો શાખાનાની વસ્તુઓના વેચાણ માટે પોર્ટલ લોન્ચ થયું ત્યારથી અત્યારસુધીમાં કુલ ૪૨૭ વસ્તુઓ હરાજી માટે મૂકવામાં આવી હતી, જે પૈકી ૩૭૯ વસ્તુઓ ઉપર ૭૪,૧૬,૯૩૭ નું બિડિંગ થયું છે તથા ૧૮૧ વસ્તુઓના વેચાણથી રૂા.૩૬,૯૭,૩૭૬ ઓનલાઈન માધ્યમથી કન્યા કેળવણી નિધિમાં જમા કરવામાં આવ્યા છે. આ પારદર્શક હરાજી પદ્ધતિની નોંધપાત્ર સફળતા દર્શાવે છે.

# દ્વારકામાં ગુજરાતી સાહિત્ય સાથે સંલગ્ન કલાકારોનો સન્માન સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૩

યાત્રાધામ દ્વારકામાં આગામી સપ્તાહમાં ગુજરાતી લોક સંગીતમાં પ્રશંસનીય યોગદાન આપવા બદલ કલા વારસો ૨૦૨૫ની થીમ અંતર્ગત ૧૪૦ થી વધુ ગુજરાતી કલાકારોનો સન્માન સમારોહ યોજવામાં આવશે. તા.૭ થી ૯ જાન્યુઆરી, ૨૦૨૫ દરમ્યાન બંસીધર સ્ટુડીયો, એમેઝીંગ ફનવર્લ્ડ અને કલગી ઈવેન્ટ આયોજિત કાર્યક્રમમાં નાગેશ્વર જયોતિર્લિંગ, દ્વારકાધીશ જગતમંદિર, રૂકિમણી મંદિરે ધ્વજાજીનું આરોહણ પણ કરવામાં આવનાર છે. ત્રિદિવસીય કાર્યક્રમમાં તા.૭ મી જાન્યુઆરીએ મંગળવારે બપોરે ૪ કલાકે દ્વારકા નજીકના નાગેશ્વર જયોતિર્લિંગ ખાતે ધ્વજારોહણ કરાશે. તા.૮મીએ બુધવારે દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર ચઢાવવામાં આવનાર ધ્વજાજીનું પૂજન કરાશે. તેમજ દ્વારકાના સર્કિટ હાઉસ પાછળના મેદાનમાં ૮મીએ સાંજે ૬ કલાકથી ભોજન સમારોહ તથા રાત્રે ૭:૩૦ કલાકથી રાજયભરના ૧૪૦થી વધુ નામાંકિત ગુજરાતી લોક સંગીતમાં પ્રશંસનીય યોગદાન આપનારા ગુજરાતી કલાકારોનો કલાવારસો સન્માન સમારોહ યોજાશે. આ સન્માન સમારોહનો મુખ્ય હેતુ કલાકારો દ્વારા ગુજરાતી લોકકલા અને સાહિત્ય -સંસ્કૃતિને જીવંત રાખવા ભજન લોકગીત - લોકવાર્તા ઐતિહાસિક પ્રસંગોને સમાજ સમક્ષ કલાના માધ્યમથી કાર્યક્રમ યોજાશે. જેમાં સૌરાષ્ટ્ર - કચ્છ - ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતના લોક ગાયકો, સંગીતકાર, કોરીયોગ્રાફર - ડી.ઓ.પી. એડીટર, ફીલ્મ જગતના સીતારાઓ ગીતકાર - સંગીતકાર તેમજ પ્રોડકશન મેનેજર સહિતના તમામ કલાજગત સાથે જોડાયેલા ૩૦૦ થી વધુ લોકોને પણ સન્માનિત કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગુજરાતભરની કંપનીઓ જેમણે કંપનીના માધ્યમથી કલાકારોને પ્રતિભા બહાર લાવી પ્રોત્સાહિત કર્યા છે તેમનું પણ સન્માન કરવામાં આવનાર છે. આ સાથે ખ્યાતનામ કલાકારો પોતાની આગવી શૈલીથી લોકસાહિત્યની રમઝટ બોલાવશે. આ ઉપરાંત તા.૯મીએ ગુરૂવારે સવારે ૬ કલાકે દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરાશે. સવારે ૯ કલાકે દ્વારકાધીશના મુખ્ય પટ્ટરાણીશ્રી રૂકિમણી માતાજી મંદિરે પણ ધ્વજાજીનું આરોહણ કરવામાં આવનાર છે. કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય અખીલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ પૂ. સંતશ્રી રાજેન્દ્રદાસ બાપુ, પૂ.ચારણ જગદંબા આઈશ્રી રૂપલ માં (રામપરા - ગીર), પૂ.જયાબા (ભીમરાણા), પૂ. ગુરૂમાં ભગવતીબેન પટેલ (વડસર), પૂ.સંતશ્રી નારાયણાનંદ બ્રહમચારી (શારદાપીઠ પ્રતિનિધિ દ્વારકા), એદલા મઢીના ચારણ બાપુ, દ્વારકાધીશ મંદિરના નેતાજી પૂજારી, માલધારી સમાજના તીર્થ પુરોહિત ભૌમિકભાઈ વિ. દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા કલેકટર જી.ટી.પંડયા, પ્રાંત અધિકારી લે.કર્નલ રીટા. અમોલ અવાતે, મંદિર વહીવટદાર હિમાંશુ ચૌહાણ, નાયબ કલે. મનોજભાઈ દેસાઈ, નાયબ મામલતદાર દર્શનભાઈ એમ. સાવધરીયા વિગેરે ઉપસ્થિત રહેશે. આ પહેલા વર્ષ ૨૦૧૮ તથા ૨૦૨૧માં સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પણ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં કલાવારસો યોજવામાં આવેલ.

# મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની વધુ ૩૩ ગૌશાળા/પાંજરાપોળને રૂા.૧૯.૫૦ કરોડની પશુ નિભાવ સહાય ચૂકવાઈ

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજયની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠક મળી હતી. આ બેઠકમાં જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૭૦,૬૦૦ થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આટલું જ નહિ, ઓકટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઈન અરજી કરી શકે તેવા આશય સાથે તા.૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમ્યાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવા ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન કુલ રૂા.૧૭૧.૦૫ કરોડની સહાય DBTના માધ્યમથી સીધી સેવાભાવી સંસ્થાઓના ખાતામાં ચૂકવવામાં આવી છે. જેના પરિણામે રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય આપી, આર્થિક રીતે મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદેશ ખરા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શક નેતૃત્વ તેમજ પશુપાલન મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ રૂા. ૩૦ લેખે આર્થિક સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

# ચેક રિટર્નના કેસમાં આરોપીને બે વર્ષની જેલની સજા તથા રૂા.પાંચ લાખનો દંડ ફટકારતી વિસાવદર કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)
વિસાવદર તા.૩

નામદાર વિસાવદર કોર્ટે દ્વારા ફોજદારી કેસ નં.૨૭૬/૧૯ ના કામે ચેક રિટર્નના કેસમાં આરોપીને બે વર્ષની જેલની સજા તથા ચેકની રકમનો બમણો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે. કોર્ટના આ હુકમથી સમગ્ર પંથકમાં ચેક આપનાર આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે. આ સમગ્ર કેસની હકીકત એવી છે કે વિસાવદર ના રહેવાસી ચિંતનભાઈ હેમંતભાઈ કારીયા એ આ ગુનાના આરોપી વિજયભાઈ ચંપકભાઈ રાણા રહે.વ્યારા તા.જી.તાપી વાળા ને મિત્રતા ના નાતે રૂપિયા ૨૫૦૦૦૦ (બે લાખ પચાસ હજાર) ત્રણ-ચાર માસ માટે હાથ ઉછીના આપેલ હતા અને ચારેક માસ પૂરા થતાં ફરિયાદી ચિંતનભાઈએ આ રકમની માંગણી કરતા આરોપી વિજયભાઈએ આ રકમની ચુકવણી કરવા માટે રૂપિયા ૨૫૦૦૦૦/-(બે લાખ પચાસ હજાર) નો ચેક આપેલ હતો, ફરિયાદીએ ચેકની તારીખે આ ચેક બેંકમાં વટાવવા નાખતા આરોપીના ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી આ ચેક "અનસફીન્સિયન્ટ બેલેન્સ"અને "ડીફર સિગ્નનેચર"ના શેરા સાથે ચેક રિટર્ન થયો હતો. ચેક રિટર્ન થતા ફરિયાદીએ એડવોકેટ શ્રીનિતેશભાઈ દવે મારફત આરોપીને કાનૂની નોટીસ આપી હતી. આ લીગલ નોટિસ આરોપીને મળી જવા છતાં પણ આરોપી તરફથી ફરિયાદીને ચેક વાળી રકમ ન ચૂકવવામાં આવતા અને ફોન સ્વીચ ઓફ કરી દેતા ફરિયાદીએ પોતાના એડવોકેટ નિતેશભાઈ આર. દવે મારફત વિસાવદર કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી અનેઆ સમગ્ર કેસ વિસાવદર કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ શ્રી નિતેશભાઈ દવે એ નેગોસિબલ ઈન્સ્ટ્રૂમેન્ટની કલમ ૧૩૮ની વિવિધ જોગવાઈ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના વિવિધ ચુકાદોઓ ટાંકીને કાયદાકીય વિસ્તૃત દલીલો કરતા નામદાર વિસાવદર કોર્ટના પ્રિન્સિપલ સિવિલ જજ એસ.એસ. ત્રિવેદી દ્વારા આરોપી "વિજયભાઈ ચંપકભાઈ રાણા" રહે.વ્યારા તા.જી.તાપી વાળાને બે વર્ષની જેલની સજા તથા રૂપિયા ૫૦૦૦૦૦/- (રૂા.પાંચ લાખ)નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવેલ હતો. કોર્ટના આ હુકમથી સમગ્ર વિસાવદર પંથકમાં ફફડાટ ફેલાયો છે.

# ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ ખેડૂતોને સિંચાઈ માટે ખારા ડેમમાંથી રૂા.૪૬,૪૦૦ની રકમ ભરી પાણી છોડાવ્યું

## બાંટવા ખારા ડેમમાંથી દર વર્ષની જેમ આ વર્ષે પણ રવિ પાક માટે સિંચાઈ માટેનું પાણી છોડાવવાની કરેલ રજૂઆત સફળ થઈ



(પ્રતિનિધિ દ્વારા)
ગોસા(ઘેડ) તા.૩

૮૪ કુતિયાણા-રાણાવાવ વિધાનસભા બેઠકના લોક લાડીલા ધારા સભ્ય કાંધલભાઈ જાડેજા તેમના મત વિસ્તારના લોકો માટે અને ખેડૂતો માટે ખારા લોક પ્રહરી રહ્યા છે. આ વિસ્તારની જનતા અને ખેડૂતોને જયારે પણ કોઈ પણ પ્રશ્ન કનડતો હોય ત્યારે તેઓની પડખે હંમશા હમદર્દ રહ્યા છે. છેલ્લા ૧૨ વર્ષ થી પણ વધુ ખેડૂતોને સિંચાઈની જરૂરિયાત પડે ત્યારે કાંધલભાઈ જાડેજા તેઓની વ્હારે આવ્યા. ત્યારે દર વર્ષની જેમ આ ઓણ સાલ પણ ખેડૂતોને સિંચાઈ પ્રત્યે પડતી પાણી ની અગવડતા હલ કરવા બાટવા ખારા ડેમમાંથી કુતિયાણા જ એક જ નહીં પણ માણાવદર વિસ્તરના ખેડૂતોને પણ સિંચાઈ નો લાભ મળે તે માટે બાંટવાના ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવતા રવિ પાકોને ફાયદો થશે. ડેમમાંથી પાણી છોડવા માટે નિયમોનુસાર ભરવાની થતી રૂા.૪૬.૪૦૦ની રકમ ધારાસભ્ય કાંધલ જાડેજાએ પોતાના ખર્ચે ચુકવી આપતા ખેડુતવર્ગમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. માણાવદર તાલુકાના બાંટવા ખારા ડેમમાંથી રવિ સિંચાઈ માટે ધારાસભ્ય કાંધલ જાડેજાની રજુઆતથી તા.૨-૧-૨૫ના પાણી છોડવામાં આવ્યું છે. જેનો માણાવદર અને કુતીયાણા પંથકના ૧૨ થી વધુ ગામોના ખેડુતોએ વાવણી કરેલ ચણા, ઘઉં જેવા રવિ પાકોને ફાયદો થશે અને તેનો લાભ ખેડુત વર્ગને થશે તેમ ખેડુત આગેવાનો જણાવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના બાંટવા ખારા ડેમમાંથી રવિ સિંચાઈ માટે પાણી છોડવા માટે કુતિયાણા વિસ્તારના લોકલાડીલા પાણીદાર નેતા અને ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા સરકારમાં રજુઆત કરી હતી. અને રજુઆત બાદ પાણી છોડવાની મંજૂરી મળતા ડેમમાંથી પાણી છોડવા માટે નિયમોનુસાર થતી ખર્ચની રૂા.૪૬.૪૦૦ રકમનું ચુકવણું પણ ધારાસભ્યએ ખરા અર્થમાં લોકજન પહરી બની પોતાના ખર્ચે જૂનાગઢ સિંચાઈ વિભાગ ના પેટા સિંચાઈ વિભાગ બાંટવા ખારા ડેમની ઓફિસે આસિસ્ટન્ટ એન્જિનિયર એન્ડ સેકશન ઓફિસર ડી.એન. સોલંકી સમક્ષ ભરી આપતાં જેના પગલે આજ રોજ બાંટવા ખારા ડેમમાંથી ૨ દરવાજા ૦.૩૦ મીટર ખોલીને ૨૦ એમ.સી.એફટી. પાણી છોડવાની શરૂઆત કરવામાં આવી હતી. ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાના કારણે માણાવદર તાલુકાના કોડવાવ, એકલેરા, ભલગામ, થાપલા , સમેગા તેમજ કુતિયાણા તાલુકાના રેવદ્રા, મૈયારી, ધરસન, તરખાઈ, ગરેજ જેવા બારથી વધુ ગામોમાં ખેડુતોએ અંદાજે ૬૦૦ હેકટર જમીનમાં વાવણી કરેલ ચણા, ઘઉં સહિતના રવિ પાકોને ફાયદો થશે. જેથી આજે પાણી છોડવાની શરૂઆત થયેલ અને હજુ પણ ખેડૂતોની માંગણી હોય સરકારમાં મોકલી આપેલ છે. અને મજૂરી મળ્યે નિયમોનુસાર રકમ ભરપાઈ થયે ફરી પણ પાણી છોડવામાં આવશે. ત્યારે કુતિયાણા વિધાન સભા મત વિસ્તરના ગામના સરપંચો અને ખેડુતોએ સિંચાઈ માટે છોડાયેલા નવા નીરને ડેમ સાઈટ પર વધાવયા હતા. આ તકે સરપંચો અને ખેડૂતોએ જણાવેલ કે, ખેડુતોના હિતમાં સાચા લોકપ્રતિનિધિ તરીકેની ફરજ કુતીયાણાના અમારા લોક લાડીલા ધારાસભ્ય કાંધલ જાડેજાએ નિભાવી છે. અને આવા ધારાસભ્ય ગુજરાતમાં ૨૮૨ ધારાસભ્યો માના એક છે કે જે છેલ્લા ૧૨ વર્ષ થી વધુ સમયથી પોતાના ખર્ચે ખેડૂતો માટે સિંચાઈના ભરવાના થતા રૂપિયા દર વર્ષે પોતે ભરી અને ખરા સમયે ખેડૂતોને સિંચાઈ કરવા માટે ડેમોમાં થી પાણી છોડાવી ખરા લોકપ્રહરી બન્યા છે. જે ગુજરાતમાં આવા નેતાની તુલનામાં એક પણ ધારાસભ્ય આવો નહીં હોય જેનો અમોને ગર્વ છે અને અમો ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાનો જેટલો પણ આભાર માનીએ તે ઓછો પડે છે તેમ કુતિયાણા મત વિસ્તારના ખેડૂતો, મતદારો, ગ્રામજનો જણાવી રહ્યા છે. બાંટવા ખારા ડેમના પાણી છોડવવા બાબત એવુ પણ કટાક્ષમાં કહેલ કે અત્યારે સાંસદ હોય કે અન્ય ચૂંટાયેલા જન પ્રતીનિધિ હોય માત્ર રજુઆત કરેલ હોય પણ ખાલી રજુઆત થી પાણી છોડવામાં આવતું નથી. રજુઆતો કરવાથી વહેકાઈ નથી તેના માટે તો ભોગ આપવો પડે અને ઘરના પૈસા વાપરવા પડે. એતો આમારા લોક ડાડીલા નેતા કાંધલભાઈ જાડેજા જ આવું કરી શકે. બાકી તો કામ થાય કે પાણી છોડવામાં આવે એટલે લીંમડ જશ લેવા જણાવે કે ફલાણા નેતાએ રજુઆત કરતા પાણી છોડવામાં આવેલ. પાણી છોડવવામાં ખરા યશના ભાગીદારી તો આમારા નેતા કાંધલભાઈ જોડેજા જ છે તેમ કુતિયાણા વિધાન સભા મત વિસ્તારના લોકો જણાવી રહ્યા છે.

# વેરાવળમાં રવિવારે સ્વામિનારાયણ સમાજનો શાકોત્સવ - સત્સંગ સભાનું આયોજન

## લોકોને ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા વેરાવળ સ્વામિનારાયણ સત્સંગ સમાજની અપીલ

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા.૩

વેરાવળમાં આગામી તા.૫ ના રવિવારે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ વેરાવળ દ્વારા શાકોત્સવ તેમજ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ છે. વેરાવળમાં લોહાણા મહાજન વાડી ખાતે આગામી તા.૫-૧-૨૦૨૫ના રવિવારે સાંજે શાકોત્સવ તથા સત્સંગ સભાનું આયોજન પ. પૂ. સ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ. પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી નુગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશિર્વાદથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ વેરાવળ દ્વારા કરાયેલ છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ લોયા ગામમાં ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘી ના વઘાર સાથે સ્વહસ્તે પ્રવર્તાવેલ દિવ્ય શાકોત્સવની સ્મૃતિ કરેલ જે શ્રીજી મહારાજે સ્થાપેલ ષડઅંગી દિવ્ય સંપ્રદાયની નિષ્ઠા સાથે સાચો મહિમા સમજાવવાના હેતુથી તા.૫ ના શાકોત્સવ તથા સત્સંગ સભા યોજાનાર છે જેમાં સાંજે ચાર થી સાત કલાક સુધી સત્સંગ સભામાં સોમનાથ ગુરુકુળથી સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી તેમજ વીરડીથી એકાંતિક ભક્ત નટુબાપા અને સાસણથી તેમના શિષ્ય પ્રમોદ ભગત ઉપસ્થિત રહી ધુન કિતર્નનો લાભ આપનાર છે. આ પ્રસંગે સંતો ભકતોના દર્શનનો લાભ સાથે સત્સંગ કથામૃત શ્રવણ કરવા અને શાકોત્સવના મહાપ્રસાદનો લાભ લેવા ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ વેરાવળ દ્વારા એક યાદીમાં જણાવેલ છે.

# વિસાવદર બાર એસો.ના પ્રમુખ તરીકે નિતેશ દવેની નિમણુંક



(પ્રતિનિધિ દ્વારા)
વિસાવદર તા.૩


વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખ તરીકે નિતેશભાઈ દવે એડવોકેટ & નોટરીની સર્વાનુમતે નિમણુંક થયેલ છે. તેઓ જૂનાગઢ જિલ્લા નોટરી એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે પણ યશસ્વી સેવા આપી રહ્યા છે. તેઓની નિમણુંકને સિનિયર, જુનિયર વકીલ મિત્રો, રાજકીય આગેવાનો તથા વિશાળ મિત્ર મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# દ્વારકામાં નાતાલના મિની વેકેશનનાં બાર દિવસમાં દસ લાખથી વધુ ભાવિકોએ દ્વારકાધીશના દર્શન કર્યા



(પ્રતિનિધિ દ્વારા)દ્વારકા તા.૩ : દ્વારકાધીશ જગતમંદિરમાં નાતાલના વેકેશન દરમ્યાનના તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૪ થી તા.૧ લી જાન્યુઆરી ૨૦૨૫ સુધીના બાર દિવસમાં દ્વારકાધીશ જગતમંદિરમાં કુલ ૧૦,૦૩,૨૭૫ દસ લાખથી વધુ દર્શનાર્થીઓએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ભવનાથ-ગિરનારને પ્લાસ્ટીક મુકત રાખવાનાં હાઈકોર્ટનાં આદેશનો ઉલાળ્યો







## રોપ-વે માર્ગ પર જોવા મળતા પ્લાસ્ટીકનાં આ ઢગલા અનેક પ્રશ્નાર્થ સર્જે છે


જૂનાગઢ તા.૩

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ અને ગિરનાર ક્ષેત્રમાં પ્લાસ્ટીકનાં પ્રતિબંધ અંગેની હાઈકોર્ટની સ્પષ્ટ સુચના હોવા છતાં પણ ઢગલા મોઢે પ્લાસ્ટીકનો કચરો જોવા મળતો હોવાનાં અવાર નવાર બનાવો બની રહયા છે. તાજેતરમાં જ એક વાઈરલ થયેલા ફોટામાં સ્પષ્ટ જણાય છે કે ગમે તેવો પ્રતિબંધ હોવા છતાં પણ કચરાનાં ઢગલા ત્યાંને ત્યાં જ જોવા મળે છે. ગિરનાર અને ભવનાથ ક્ષેત્રમાં કયાંય પણ કચરો ન એકઠો થાય તે માટેની અવાર નવાર કામગીરી હોવા છતાં પણ આવું કેમ થાય છે તે એક ઝટીલ પ્રશ્ન છે. પ્રતિબંધ હોવા છતાં પ્લાસ્ટીક અને કચરો આવે છે કયાંથી ? તેવો સવાલ ઉઠવા પામેલ છે.

પવિત્ર યાત્રાધામ તરીકે ઓળખાતા ભવનાથ અને ગિરનાર ક્ષેત્રની ગરીમા જળવાઈ રહે તેમજ આ વિસ્તારમાં પ્લાસ્ટીક કે કચરો ન થાય તેવી ચોકકસ ગાઈડલાઈન જારી કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટનાં નિર્દેશ અનુસાર પ્લાસ્ટીક પર કડક પ્રતિબંધ મુકવામાં આવેલો છે. આ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ પ્લાસ્ટીક અભિયાન હાથ ધરી અને સમયાંતરે ભવનાથ ક્ષેત્રની સફાઈ કરવામાં આવતી હોય છે. સેવાભાવી સંસ્થાઓ, એનજીઓ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા પણ પુરતી કાળજી આ બાબતે લેવામાં આવતી હોય છે. તાજેતરમાં જ દેવદિવાળીથી પાંચ દિવસનો પરીક્રમાનો મેળો યોજાયો હતો. આ મેળા દરમ્યાન પણ કોઈ પરીક્રમાર્થી પ્લાસ્ટીક ન લઈ જાય તે માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી. તેમજ ચેકપોસ્ટ પણ ઉભી કરવામાં આવી હતી. અને કયાંયથી પ્લાસ્ટીકનો કચરો પ્રવેશી ન જાય તે માટેની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી હતી. એક તકે તો એવું લાગી રહયું હતું કે ભવનાથ અને ગિરનાર ક્ષેત્રમાં હવે કયાંય પણ પ્લાસ્ટીકનો કચરો જોવા નહી મળે. અને લોકો પણ આ બાબતે જાગૃત બની ગયા છે. પરંતુ આ માનવ ભુલ ભરેલુ લાગી રહયું છે. કારણ કે અહીં જે તસ્વીર પ્રસ્તૃત કરવામાં આવી છે તે તસ્વીર રોપ-વે જતાં માર્ગ પર છે. એક તરફ ડસ્ટબીનનું ડબલું પડેલું છે તેની બાજુમાં જ પ્લાસ્ટીક કચરાનો મોટો ઢગલો જોવા મળી રહયો છે. પ્રતિબંધ હોવા છતાં પણ પ્લાસ્ટીક કયાંથી આવે છે તે અઘરો સવાલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગિરનાર અને ભવનાથમાં પ્લાસ્ટીક પર સંપૂર્ણ પ્રતિબંધ જારી કરી અને કડક કાર્યવાહી ચાલી રહી છે. તેમજ સરકાર દ્વારા ભવનાથ અને ગિરનારને પ્લાસ્ટીક મુકત રાખવા માટે લાખો રૂપિયાનો ખર્ચો દર વર્ષે કરવામાં આવે છે. પરંતુ ઉપરોકત તસ્વીરો જોતા એવું લાગે છે કે આ જે કાંઈ ખર્ચ કરવામાં આવે છે તે એળે ગયો કે શું ? ભવનાથ અને ગિરનાર ક્ષેત્રને પ્લાસ્ટીક મુકત બનાવવું જ રહયું અને તેને માટે નકકર કાર્યવાહી અને ઉલંઘન કરનારાઓ સામે દંડાત્મક જોગવાઈ કરવાની પણ માંગણી ઉઠવા પામી છે.

# જૂનાગઢ જીલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનારાઓ સાથે પોલીસની સાંઠગાંઠ ચલાવી નહી લેવાય : જીલ્લા પોલીસ વડા

## ૨૪ માર્ચ ૨૦૨૪માં એસપી હર્ષદ મહેતાએ પોલીસ અધિકારીઓને સ્પષ્ટ જણાવ્યું હતું તેમ છતાં અસામાજીક પ્રવૃતિ કરનારા અને પોલીસની મીલીભગતને ખુલ્લી પાડતા બનાવો બન્યા !



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેર અને જીલ્લાભરમાં અસામાજીક પ્રવર્તિને નેસ્તનાબુદ કરવા માટે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સુચના અને માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમ્યાન દરેક પોલીસ સ્ટેશનના અધિકારીઓને એસપી દ્વારા કડક સુચનાઓ જારી કરવામાં આવી હોવા છતાં પણ ક્યાંયને કયાંક અસામાજીક પ્રવૃતિ કરનારાઓ અને પોલીસની સાંઠગાંઠ અને મીલીભગતના કારણે દારૂ, જુગાર સહિતની ગેરકાનુની પ્રવૃતી થઈ રહી હોવાનો સ્પષ્ટ નિર્દેશ મળી રહ્યો છે. જીલ્લા પોલીસ વડાએ માર્ચ ૨૦૨૪માં અધિકારીઓને કડક સુચના આપતો પત્ર વાયરલ કર્યો છે અને કેટલીક વિગતો બહાર આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામેલ છે.


આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢ એસપી હર્ષદ મહેતાએ માર્ચ ૨૦૨૪માં દારૂ જુગારની પ્રવૃત્તિમાં ઝીરો ટોલરન્સની નીતિનો અમલ કરવા પોલીસ અધિકારીઓને પત્ર પાઠવ્યો હતો. હાલ પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પોલીસ અધિક્ષકના પત્ર અનુસાર પ્રોહિબિશન, જુગાર ધારાની કડક અમલવારી કરવા અને જૂનાગઢ જિલ્લામાંથી આ દુષણ નાબૂદ કરવા ઝીરો ટોલરન્સની નીતિનું જિલ્લાના દરેક અધિકારી કર્મચારીએ અનુસરણ કરવા અને આવી પ્રવૃત્તિ અંગે ઢીલી નીતિ સાંખી લેવામાં નહીં આવે, દારૂ જુગારની પ્રવૃત્તિ કરતા ધંધાર્થીઓ સાથે પોલીસની સાઠગાંઠ બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં એવી તાકીદ કરી હતી. એસપીના વાયરલ પત્ર અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગર દ્વારા વિસાવદર, વંથલી, બાંટવા, કેશોદ, જૂનાગઢ બી ડિવિઝન, જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી દારૂનો કેસ શોધી કાઢવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ કરીને એવું ફલિત થયાનું જણાવ્યું હતું કે, જિલ્લામાં ભૂગર્ભિય રીતે તેમજ સ્થાનિક પોલીસની મીઠી નજર હેઠળ દારૂની પ્રવૃત્તિ ચાલુ છે. આ પ્રવૃત્તિ કચેરીના હુકમ, સૂચનનું ઉલ્લંઘન કરી ચાલુ હોવાનું નકારી શકાય નહીં. બહારની એજન્સીએ સફળ રેઈડ કરી હતી અને સ્થાનિક પોલીસ આ પ્રવૃત્તિથી અજાણ હોય તે પણ માનવાલાયક નથી. પોલીસની બુટલેગરો કે જુગારીઓ સાથે સાંઠગાંઠ ચલાવાશે જ નહી અને કડક શિક્ષા કરશે તેવો નિર્દેશ જીલ્લા પોલીસ વડાએ આપ્યો છે.

# ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટિંગ દ્વારા સમયસર ભાડુ ભરપાઈ ન કરતા પાંચ અમુલ પાર્લર શીલ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

મહાનગરપાલિકા જૂનાગઢના અલગ-અલગ ૪ (ચાર) વિસ્તાર આવેલ મ.ન.પા.ની માલિકીની જમીનના ભાડુંઆત ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટિંગ (અમુલ પાર્લર)ને અનેક વખત લેખિતમાં જાણ કરતાં તેઓ દ્વારા દિન-૬૦(સાઈઠ) માં તમામ બાકી ભાડું ભરપાઈ કરવા બાહેંધરી આપવામાં આવેલ અને તે સમય મર્યાદામાં પણ ભાડું ભરપાઈ ન





કરતાં (૧) મોતીબાગ રોડ ગેઈટ નં ૨ પાસે (૨) સી.એમ.પાર્ક તાલુકા સેવાસદન પાસે (૩) ગાંધીચોક (૪) રેલ્વે સ્ટેશન ચોકમા આવેલ અમુલ પાર્લર માન.કમિશનર સાહેબશ્રી ડો.ઓમ પ્રકાશ(IAS)ના આદેશ અન્વયે માન.નાયબ કમિશનર ડી.જે.જાડેજાની સુચનાથી આસી. કમિશનર (ટેકસ) કે.જી.ટોલીયાના માર્ગદર્શન નીચે ટેકસ સુપ્રીટેન્ડન્ટ મનોજ રૂપાપરાની ટીમ દ્વારા આ મિલ્કતનો કબ્જો મહાનગર પાલિકા જુનાગઢ દ્વારા લેવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, મહાનગરપાલિકાના ભાડુઆતો દ્વારા બાકી ભાડુ સમયસર અને સત્વરે ભરપાઈ કરવા જૂનાગઢ મહાનગર સેવા સદનની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# જૂનાગઢ તાલુકાનાં માખીયાળા ગામની સીમમાં આવેલ ગોડાઉનમાંથી રૂા. ૧૦.૧૧ લાખનો દારૂ ઝડપાયો : ૪ સામે ગુનો દાખલ

જૂનાગઢ, તા.૩

જૂનાગઢનાં માખીયાળા ગામની સીમમાં આવેલ ગોડાઉનમાંથી રૂા. ૧૦.૧૧ લાખનો દારૂ સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપી પાડતાં ચકચાર મચી જવા પામી છે.

જૂનાગઢના માખીયાળા ગામની સીમમાં એ વન ઈન્ડસ્ટ્રિઝ ઝોનના એક ગોડાઉનમાં દારૂનો જથ્થો રાખ્યો હોવાની માહિતીને આધારે સ્ટેટ મોનિટરીંગ સેલના અધિકારીઓ દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જૂનાગઢના નામચીન બુટલેગર સહિત ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે અહીંથી રૂ. ૧૦,૧૧,૦૧૪ ની કિંમતની ૧૭૯૯ દારૂની બોટલો કબજે કરી હતી.તપાસમાં આ દારૂ લખન ચાવડા અને જયેશ ચાવડાનો દારૂ હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ દારૂનો જથ્થો છુપાવવા માટે ગોડાઉન ભાડે રાખ્યું હતું. અશ્વિન રાવલીયા નામના શખ્સે ગોડાઉન ભાડે રાખ્યું હોવાનું બહાર આવ્યું છે. તે સિવાય પ્રદુષણ વિભાગમાં ફરજ બજાવતા રાજેશ ચૌહાણનું ગોડાઉન હોવાનું ખુલ્યું છે. પોલીસે લખન એમ.ચાવડા, આભા ઉર્ફે જયેશ એમ.ચાવડા, અશ્વિન એસ.રાવલીયા તથા દારૂનો જથ્થો મોકલનારા ચાર શખ્સો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ઝાકળ વર્ષા : ગિરનાર ઉપર ૯.૪ ડીગ્રી તાપમાન

જૂનાગઢ તા.૩

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં આજે સવારે ઝાકળ વર્ષા રહી હતી. જયારે ગિરનાર પર ૯.૪ ડીગ્રી તાપમાન રહયું હતું.

સોરઠ પંથકમાં ઠંડીમાં ઘટાડો યથાવત રહયો છે. અને જેને લઈને લોકોને રાહત મળી છે. દરમ્યાન આજે સવારથી ગુલાબી ઠંડીનું આવરણ રહયું હતું. સવારે વાતાવરણમાં ભારે ભેજને લીધે ઝાકળવર્ષા થઈ હતી. અને જેને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જયારે ગિરનાર પર્વત પર લઘુતમ તાપમાન ૯.૪ ડીગ્રી રહયું હતું. સવારે પવનની ગતી ૧.૮ કિમી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી રવિવારે ગિરનારની આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ રહી છે ત્યારે ફુલગુલાબી ઠંડીનાં કારણે સ્પર્ધકોમાં પણ જોમ આવી ગયું છે. આવા વાતાવરણમાં સ્પર્ધકોને ગિરનાર ચડવા ઉતરવા માટે ભારે સાનુકુળ હોવાનું સ્પર્ધકોમાંથી જાણવા મળે છે.

# જૂનાગઢમાં રહેણાંક મકાનમાંથી ૧૧ બોટલ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં આવેલ સુદામા પાર્કમાં રહેણાંક મકાનમાંથી ૧૧ બોટલ દારૂ ઝડપાતા મકાન માલીક વિરૂધ્ધ સી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે મધુરમ વિસ્તારમાં આવેલ સુદામા પાર્ક સોસાયટી રામદે ભુરાભાઈ ઓડેદરાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને દરોડો પાડતા વિદેશી દારૂની ૭૫૦ એમએલની ૧૧ બોટલ દારૂ કિ.રૂા.૬૭૧૦ સહિત ટીવીએસ જયપીટર મળી કુલ ૪૬૭૧૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ સી ડીવીઝન પોલીસ મથકે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડુંગરપુરના યુવકની બાઈક ચોરનાર જૂનાગઢના બે મિત્રો ભેસાણ રોડ ઉપરથી ઝડપાયા





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં તાજેતરમાં એક યુવકના બાઈકની ચોરી થઈ હતી અને જે અંગે ગુનો પણ દાખલ થયો હતો. દરમ્યાન પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી હતી અને બાઈક ચોરનાર જૂનાગઢનાં ૨ મિત્રને ભેસાણ રોડ ઉપરથી પોલીસે ઝડપી લઈ બાઈક કબજે લીધું હતું. જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે રહેતો ૨૯ વર્ષીય લતીફ કરીમભાઈ બ્લોચ ગત તા. ૮ ડિસેમ્બરના રોજ રાત્રે ૧૧ વાગ્યે પોતાની રૂપિયા ૫૦,૦૦૦ની કિંમતની જીજે-૧૧-સીપી-૫૯૭૩ નંબરની બાઈક જૂનાગઢમાં આરટીઓ ઓફિસ સામે આવ્યો હતો અને મિત્રો જૂનાગઢમાં ખામધ્રોળ રોડ ઉપર આવેલ હેમાવન સોસાયટીમાં રહેતો રોહિત જયસુખ કવા અને રઘુવીર સોસાયટીનો સનવેજ સમીર સંઘાર સાથે બેઠો હતો. તે વખતે રોહિતને ઊંઘ આવી જતા તેનું બાઈક ચોરીને બંને મિત્રો નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદ થતાં ગુનો નોંધી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન ચોરીનો ગુનો કરનાર બંને શખ્સ ભેસાણ રોડ ઉપર ઉભા હોવાની માહિતી મળતા ઈન્ચાર્જ તાલુકા પીઆઈ ડી. કે. સરવૈયાની ટીમે તપાસ કરતા બંને આરોપીએ બાઈકની નંબર પ્લેટ કાઢી નાખી હોય તેના એન્જિન, ચેસીસ નંબરની ખરાઈ કરતા લતીફનું ચોરાયેલ બાઈક હોવાનું જણાવતા ૨૪ વર્ષીય રોહિત જયસુખ અને ૨૧ વર્ષીય સનવેજ સમીરની ધરપકડ કરી રૂપિયા ૫૦ હજારનું બાઈક કબજે કર્યું હતું.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



સ્વ. સમીરકુમાર
નર્મદભાઈ જોષી
સ્વ.તા.૦૧-૦૧-૨૦૨૫, બુધવાર

## દુ:ખદ અવસાન - બેસણું

સમીરકુમાર નર્મદભાઈ જોષી (ઉ.વ.૪૭) નું તા.૦૧-૦૧-૨૦૨૫, બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

:: સદ્‌ગતનું બેસણું ::

તા.૦૪-૦૧-૨૦૨૫, શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

લી. નર્મદભાઈ રામજીભાઈ જોષી (પિતા)
ગં.સ્વ.રેખાબેન સમીરકુમાર જોષી (પત્નિ)
કિશનભાઈ સમીરકુમાર જોષી (પુત્ર)
(મો.૮૩૨૦૪ ૪૪૯૮૬)
કાજલબેન સમીરકુમાર જોષી (પુત્રી)
ઈલાબેન - મીનાબેન - સુધાબેન - હર્ષાબેન (બહેન)
તથા જોષી પરિવારના જય સોમનાથ